અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

# લોક પત્રિકા



# 125 ડેમ હાઈ એલર્ટ ઉપર

# ગુજરાતનો સરદાર સરોવર ૯૧ ટકા ભરાયો

## ૬૭ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા જેટલાં ભરાયા

08 SEPT - 2025 MONDAY LOK PATRIKA

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 37 • Dt. 08-09-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad - 380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

**રાજ્યમાં જળબંબાકાર** સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૧૦૭ ટકા વરસાદ ખાબક્યો I જ્યારે ધોધમાર વરસાદના કારણે રાજ્યના ૧૨૫ ડેમ હાઈ એલર્ટ પર I ગુજરાતના ૨૦૬ ડેમમાંથી ૧૨૫ ડેમ હાઈ એલર્ટ, ૨૦ એલર્ટ અને ૧૫ ડેમને લઈને વોર્નિંગ જાહેર કરી I સિઝનનો કુલ સરેરાશ ૧૦૨ ટકા વરસાદ નોંધાયો I જેમાં જેમાં ૯૩ જેટલાં ડેમ ૧૦૦ ટકા ભરાયા

# ગુજરાતના ૧૩૯ તાલુકામાં સાર્વત્રિક વરસાદ I કપરાડામાં ૧૦ ઈંચ

I લોક પત્રિકા ટીમ, અમદાવાદ,તા.૭ I

રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક મેધ મહેર થઈ છે. રાજ્યના ૧૩૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં કપરાડા તાલુકામાં ૧૦ ઈંચ, પોશીના,ધરમપુર તાલુકામાં ૬-૬ ઈંચ , રાધનપુર, ઉમરગામ, ભચાઉ, લાખણી, તલોદ અને પાલનપુર તાલુકામાં ૪-૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો અનુસાર આજે તા. ૭ મી સપ્ટેમ્બરના રોજ સવારે છ કલાકે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન સાણંદ, કડી, બોટાદ, સંતરામપુર, સતલાસણા, દાંતા, પડધરી, વાવ, ધાનેરા, પાટણ, પારડી, ભિલોડા, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ઉમરપાડા અને મોડાસા મળી કુલ ૧૫ તાલુકાઓમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોધાયો છે. આ ઉપરાંત મહેસાણા, ટંકારા, બાયડ સિદ્ધપુર, રાપર, જામકંડોરણા,ધાનપુર ખેરગામ, ઈડર, વાપી, સાગબારા, ઝાલોદ, ખેરાલુ, વિસનગર, બાલાસિનોર, તિલકવાડા, માળીયા, દસક્રોઈ, હાલોલ, ઝાંબુધોડા, દસાડા, સંખેડા, દાહોદ, વિરમગામ, ધોરાજી, જોડીયા, જોટાણા, વલસાડ, કડાણા, હળવદ, સૂઈગામ, ઉંઝા, રાજકોટ, થરાદ, બોડેલી, ધ્રોલ અને વડનગર મળી કુલ ૩૮ તાલુકાઓમાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે રાજ્યના અન્ય ૭૫ તાલુકાઓમાં એક થી અડધો ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાલુ મોસમનો સરેરાશ વરસાદ ૧૦૨.૮૯ ટકા જેટલો નોધાયો છે. જેમાં ઉત્તર ગુજરાત રિજીયનમાં ૧૦૬.૫૦ ટકા, પૂર્વ મધ્ય ગુજરાત રીજીયનમાં ૧૦૭.૩૪ ટકા, સૌરાષ્ટ્ર રીજીયનમાં ૯૧.૨૯ ટકા અને દક્ષિણ રીજીયનમાં ૧૦૭.૯૯ ટકા જેટલો વરસાદ નોધાયો છે. આખા ગુજરાત સહિત રાજકોટમાં પણ મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. આ વરસાદ કોઈ માટે મહેર સમાન, તો કોઈ માટે કહેર સમાન સાબિત થઈ રહ્યો છે. પરંતુ એટલું ચોક્કસપણે કહી શકાય કે આ વરસાદે ખેડૂતો મિત્રોમાં ખુશીની લહેર લાવી છે, કારણ કે જિલ્લામાં આવેલા ૨૭ ડેમ-જળાશયોમાંથી ૧૨ જેટલા ડેમમાં હાલ ૧૦૦ ટકા વરસાદી પાણીથી છલોછલ ભરાયા છે.







# ગુજરાત રાજ્યમાં નીચે પ્રમાણેના ગામો અલર્ટ અને હાઇ અલર્ટ ઉપર

| | | | | | |
|---|---|---|---|---|---|
| HIGH ALERT | | | | | |
| 110 | Junagadh | Junagadh | Ozat-II | 94.64 | HIGH ALERT |
| 111 | Gir Somnath | Gir Gadhada | Shingoda | 94.56 | HIGH ALERT |
| 112 | Morbi | Tankara | Demi - II | 94.56 | HIGH ALERT |
| 113 | Arvalli | Modasa | Mazam | 93.78 | HIGH ALERT |
| 114 | Mahisagar | Kadana | Kadana | 93.75 | HIGH ALERT |
| 115 | Chhotaudepur | Jetpur pavi | Sukhi | 93.58 | HIGH ALERT |
| 116 | Junagadh | Visavadar | Draphad | 93.24 | HIGH ALERT |
| 117 | Surendranagar | Wadhwan | Dholidhaja | 92.84 | HIGH ALERT |
| 118 | Sabarkantha | Himatnagar | Guhai | 92.39 | HIGH ALERT |
| 119 | Dahod | Singvad | Hadaf | 91.81 | HIGH ALERT |
| 120 | Amreli | Dhari | Khodiyar | 91.02 | HIGH ALERT |
| 121 | Jamnagar | Jamnagar | Ruparel | 90.87 | HIGH ALERT |
| 122 | Arvalli | Bayad | Lank | 90.58 | HIGH ALERT |
| 123 | Sabarkantha | Vijaynagar | Harnav-II | 90.45 | HIGH ALERT |
| ALERT | | | | | |
| 1 | Surendranagar | Sayla | Lim-Bhogavo-I | 89.92 | ALERT |
| 2 | Banaskantha | Vadgam | Mukteshwar | 88.18 | ALERT |
| 3 | Surendranagar | Wadhwan | Dholidhaja | 85.92 | ALERT |
| 4 | Botad | Botad | Kaniyad | 85.67 | ALERT |
| 5 | Surendranagar | Muli | Saburi | 85.56 | ALERT |
| 6 | Rajkot | Dhoraji | Bhadar - II | 85.29 | ALERT |
| 7 | Morbi | Morbi | Machchhu-III | 85.11 | ALERT |
| 8 | Kachchh | Nakhatrana | Mathal | 85.03 | ALERT |
| 9 | Tapi | Songadh | Ukai | 84.74 | ALERT |
| 10 | Kachchh | Nakhatrana | Gajansar | 84.62 | ALERT |
| 11 | Porbandar | Kutiyana | Saran | 84.62 | ALERT |
| 12 | Surat | Mandvi | Ver-II | 84.6 | ALERT |
| 13 | Porbandar | Ranavav | Rana Khirasara | 84.58 | ALERT |
| 14 | Botad | Botad | Sukhbhadar | 84.12 | ALERT |
| 15 | Surendranagar | Wadhwan | Lim-Bhogavo-II | 83.12 | ALERT |
| 16 | Junagadh | Vanthali | Sabali | 82.64 | ALERT |
| 17 | Botad | Gadhada | Malpara | 82.61 | ALERT |
| 18 | Jamnagar | Jamjodhpur | Umiyasagar | 81.29 | ALERT |
| 19 | Rajkot | Lodhika | Nyari - I | 81.25 | ALERT |
| 20 | Morbi | Tankara | Demi - II | 81.2 | ALERT |
| WARNING | | | | | |
| 1 | Surendranagar | Muli | Nyka | 79.5 | WARNING |
| 2 | Surendranagar | Sayla | Nimbmani | 79.45 | WARNING |
| 3 | Narmada | Nandod | Karjan | 79.42 | WARNING |
| 4 | Valsad | Kaprada | Damanganga | 79.1 | WARNING |
| 5 | Mahesana | Satlasana | Dharoi | 78.91 | WARNING |
| 6 | Amreli | Amreli | Vadi | 78.15 | WARNING |
| 7 | Kachchh | Anjar | Tappar | 76.87 | WARNING |
| 8 | Morbi | Morbi | Machchhu-II | 74 | WARNING |
| 9 | Rajkot | Rajkot | Aji - II | 73.47 | WARNING |
| 10 | Jamnagar | Jamnagar | Und-I | 73.14 | WARNING |
| 11 | Porbandar | Kutiyana | Kalindri | 72.71 | WARNING |
| 12 | Jamnagar | Jodiya | Aji-IV | 71.78 | WARNING |
| 13 | Panchmahal | Halol | Deo | 71.26 | WARNING |
| 14 | Rajkot | Gondal | Bhadar | 70.7 | WARNING |
| 15 | Junagadh | Visavadar | Jhanjeshri | 70.29 | WARNING |

| | | | | | |
|---|---|---|---|---|---|
| HIGH ALERT | | | | | |
| 1 | Amreli | Rajula | Dhatarvadi | 100 | HIGH ALERT |
| 2 | Amreli | Kunkavav vadia | Vadiya | 100 | HIGH ALERT |
| 3 | Amreli | Babra | Ghelo-I | 100 | HIGH ALERT |
| 4 | Amreli | Kunkavav vadia | Sankroli | 100 | HIGH ALERT |
| 5 | Amreli | Rajula | Dhatarwadi-II | 100 | HIGH ALERT |
| 6 | Amreli | Savarkundla | Surajwadi | 100 | HIGH ALERT |
| 7 | Arvalli | Meghraj | Waidy | 100 | HIGH ALERT |
| 8 | Arvalli | Bhiloda | Hathmati | 100 | HIGH ALERT |
| 9 | Arvalli | Bhiloda | Meshwo | 100 | HIGH ALERT |
| 10 | Bharuch | Netrang | Piguti | 100 | HIGH ALERT |
| 11 | Bharuch | Netrang | Baldeva | 100 | HIGH ALERT |
| 12 | Bharuch | Jhagadia | Dholi | 100 | HIGH ALERT |
| 13 | Bhavnagar | Talaja | Pingli | 100 | HIGH ALERT |
| 14 | Bhavnagar | Talaja | Hamirpara | 100 | HIGH ALERT |
| 15 | Bhavnagar | Mahuva | Rojki | 100 | HIGH ALERT |
| 16 | Bhavnagar | Mahuva | Bagad | 100 | HIGH ALERT |
| 17 | Bhavnagar | Mahuva | Malan | 100 | HIGH ALERT |
| 18 | Bhavnagar | Palitana | Kharo | 100 | HIGH ALERT |
| 19 | Bhavnagar | Palitana | Rajawal | 100 | HIGH ALERT |
| 20 | Bhavnagar | Palitana | Shetrunji | 100 | HIGH ALERT |
| 21 | Bhavnagar | Palitana | Hanol | 100 | HIGH ALERT |
| 22 | Botad | Gadhada | Kalubhar | 100 | HIGH ALERT |
| 23 | Botad | Barwala | Khambhada | 100 | HIGH ALERT |
| 24 | Botad | Botad | Goma | 100 | HIGH ALERT |
| 25 | Botad | Ranpur | Utavali | 100 | HIGH ALERT |
| 26 | Botad | Gadhada | Bhimdad | 100 | HIGH ALERT |
| 27 | Chhotaudepur | Kawant | Rami | 100 | HIGH ALERT |
| 28 | Dahod | Singvad | Kabutari | 100 | HIGH ALERT |
| 29 | Dahod | Devgadh baria | WNKL.-BHEY | 100 | HIGH ALERT |
| 30 | Dahod | Zalod | Machchhanala | 100 | HIGH ALERT |
| 31 | Dahod | Limkheda | Umaria | 100 | HIGH ALERT |
| 32 | Dahod | Zalod | Kali - II | 100 | HIGH ALERT |
| 33 | Dahod | Dhanpur | Edalwada | 100 | HIGH ALERT |
| 34 | Dahod | Garbada | Patadungari | 100 | HIGH ALERT |
| 35 | Devbhumi Dwarka | Kalyanpur | Sindhani | 100 | HIGH ALERT |
| 36 | Devbhumi Dwarka | Bhanvad | Minsar (V) | 100 | HIGH ALERT |
| 37 | Devbhumi Dwarka | Bhanvad | Vartu-II | 100 | HIGH ALERT |
| 38 | Devbhumi Dwarka | Bhanvad | Veradi-II | 100 | HIGH ALERT |
| 39 | Devbhumi Dwarka | Bhanvad | Kaborka | 100 | HIGH ALERT |
| 40 | Devbhumi Dwarka | Jamkhambhalia | Ghee | 100 | HIGH ALERT |
| 41 | Devbhumi Dwarka | Bhanvad | Veradi | 100 | HIGH ALERT |
| 42 | Devbhumi Dwarka | Bhanvad | Sonmati | 100 | HIGH ALERT |
| 43 | Devbhumi Dwarka | Jamkalyanpur | Shedhabhadthari | 100 | HIGH ALERT |
| 44 | Gir Somnath | Gir-Gadhada | Machhundri | 100 | HIGH ALERT |
| 45 | Jamnagar | Jamnagar | Wagadiya | 100 | HIGH ALERT |
| 46 | Jamnagar | Lalpur | Puna | 100 | HIGH ALERT |
| 47 | Jamnagar | Kalavad | Fulzar-I | 100 | HIGH ALERT |
| 48 | Jamnagar | Lalpur | Sasoi-II | 100 | HIGH ALERT |
| 49 | Jamnagar | Lalpur | Sasoi | 100 | HIGH ALERT |
| 50 | Jamnagar | Lalpur | Fulzar-II | 100 | HIGH ALERT |
| 51 | Jamnagar | Jamjodhpur | Dia-Minsar | 100 | HIGH ALERT |
| 52 | Jamnagar | Jamnagar | Wodisang | 100 | HIGH ALERT |

| | | | | | |
|---|---|---|---|---|---|
| HIGH ALERT | | | | | |
| 53 | Jamnagar | Lalpur | Rupavati | 100 | HIGH ALERT |
| 54 | Jamnagar | Jamnagar | Rangmati | 100 | HIGH ALERT |
| 55 | Junagadh | Mendarda | Madhuvanti | 100 | HIGH ALERT |
| 56 | Junagadh | Junagadh | Hasnapur | 100 | HIGH ALERT |
| 57 | Junagadh | Mendarda | Hiran-I | 100 | HIGH ALERT |
| 58 | Junagadh | Bhesan | Mota-Gujariya | 100 | HIGH ALERT |
| 59 | Junagadh | Manavadar | Bantva-Kharo | 100 | HIGH ALERT |
| 60 | Junagadh | Vanthali | Ozat-Weir(Vanthali) | 100 | HIGH ALERT |
| 61 | Kachchh | Abdasa | Berachia | 100 | HIGH ALERT |
| 62 | Kachchh | Mundra | Kalaghogha | 100 | HIGH ALERT |
| 63 | Kachchh | Nakhatrana | Niruna | 100 | HIGH ALERT |
| 64 | Kachchh | Mandvi | Don | 100 | HIGH ALERT |
| 65 | Kachchh | Abdasa | Mitti | 100 | HIGH ALERT |
| 66 | Morbi | Morbi | Ghodadhroi | 100 | HIGH ALERT |
| 67 | Morbi | Wankaner | Machchhu - I | 100 | HIGH ALERT |
| 68 | Narmada | Sagbara | Chopadvav | 100 | HIGH ALERT |
| 69 | Narmada | Sagbara | Kakdi-Amba | 100 | HIGH ALERT |
| 70 | Navsari | Vansada | Jhuj | 100 | HIGH ALERT |
| 71 | Navsari | Vansada | Kelia | 100 | HIGH ALERT |
| 72 | Panchmahal | Ghoghamba | Karad | 100 | HIGH ALERT |
| 73 | Porbandar | Porbandar | Advana | 100 | HIGH ALERT |
| 74 | Porbandar | Kutiyana | Amipur | 100 | HIGH ALERT |
| 75 | Porbandar | Ranavav | Khambhala | 100 | HIGH ALERT |
| 76 | Porbandar | Porbandar | Sorthi | 100 | HIGH ALERT |
| 77 | Rajkot | Upleta | Sodvadar | 100 | HIGH ALERT |
| 78 | Rajkot | Rajkot | Phadangbeti | 100 | HIGH ALERT |
| 79 | Rajkot | Vinchhiya | Malgadh | 100 | HIGH ALERT |
| 80 | Rajkot | Gondal | Vari | 100 | HIGH ALERT |
| 81 | Rajkot | Rajkot | Lalpari | 100 | HIGH ALERT |
| 82 | Rajkot | Gondal | Kabir-Sarovar | 100 | HIGH ALERT |
| 83 | Rajkot | Paddhari | Nyari-II | 100 | HIGH ALERT |
| 84 | Rajkot | Upleta | Moj | 100 | HIGH ALERT |
| 85 | Rajkot | Jetpur | Survo | 100 | HIGH ALERT |
| 86 | Rajkot | Upleta | Venu-II | 100 | HIGH ALERT |
| 87 | Rajkot | Rajkot | Aji-I | 100 | HIGH ALERT |
| 88 | Rajkot | Paddhari | Aji-III | 100 | HIGH ALERT |
| 89 | Rajkot | Vinchhiya | Dhari | 100 | HIGH ALERT |
| 90 | Surat | Mandvi | Lakhigam | 100 | HIGH ALERT |
| 91 | Surendranagar | Chuda | Vansal | 100 | HIGH ALERT |
| 92 | Surendranagar | Chotila | Triveni Thanga | 100 | HIGH ALERT |
| 93 | Tapi | Songadh | Doswada | 100 | HIGH ALERT |
| 94 | Porbandar | Ranavav | Phodarness | 99.98 | HIGH ALERT |
| 95 | Rajkot | Jetpur | Chhaparwadi-II | 99.94 | HIGH ALERT |
| 96 | Kachchh | Abdasa | Kankawati | 99.9 | HIGH ALERT |
| 97 | Devbhumi Dwarka | Bhanvad | Vartu-I | 99.75 | HIGH ALERT |
| 98 | Bhavnagar | Umrala | Ranghola | 99.65 | HIGH ALERT |
| 99 | Rajkot | Jamkandorna | Phophal - I | 98.22 | HIGH ALERT |
| 100 | Morbi | Halvad | Brahmani | 97.89 | HIGH ALERT |
| 101 | Jamnagar | Jamjodhpur | Fulzar (KB) | 97.78 | HIGH ALERT |
| 102 | Mahisagar | Khanpur | Bhadar (P) | 97.03 | HIGH ALERT |
| 103 | Mahisagar | Lunawada | Panam | 96.93 | HIGH ALERT |
| 104 | Arvalli | Malpur | Watrak | 96.45 | HIGH ALERT |
| 105 | Kachchh | Bhuj | Kalia | 96.37 | HIGH ALERT |
| 106 | Devbhumi Dwarka | Jamkhambhalia | Gadhaki | 96.04 | HIGH ALERT |
| 107 | Junagadh | Visavadar | Ambajal | 96.02 | HIGH ALERT |
| 108 | Gir Somnath | Talala | Hiran-II | 95.83 | HIGH ALERT |
| 109 | Botad | Gadhada | Limbali | 94.81 | HIGH ALERT |

# રાજકોટનો આજી ડેમ છલોછલ ! મોજ ડેમ ઓવરફ્લો થતા 3 દરવાજા 3 ફુટ ખોલાયા

મોજ ડેમના ત્રણ દરવાજા ખોલાયાઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે મોજ ડેમમાં પુષ્કળ પાણીની આવક નોંધાઈ છે. જેથી ડેમ ઓવરફ્લો થતાં તેના ત્રણ દરવાજા ૩ ફૂટ ખોલવામાં આવ્યા છે અને આ પાણીનો નિકાલ કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. જેના કારણે મોજ ડેમમાં હાલ ૨૬૪૯ ક્યુસેક પાણીની આવકની સામે એટલી જ જાવક પણ નોંધાઈ છે. ત્યારે મોજ નદી હાલ ઘસમસતા પાણીના પ્રવાહ સાથે બે કાંઠે વહી રહી છે. માટે આ નદી જ્યાંથી પસાર થાય છે તેવા ખાસ નીચાણવાળા વિસ્તારો જેવા કે ઉપલેટા, મોજીરા, ગઢાળા, ખાખી જાળીયા, નવાપરા, સેવંત્રા, કેરાળા અને વાડલા જેવા ગામોના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા વહીવટીતંત્ર દ્વારા સૂચના અપાઈ છે.નોંધનીય છે કે, રાજ્યભર સહિત રાજકોટ જિલ્લામાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ નોંધાયો છે. જેમાં ખાસ કરીને પડધરી પંથકમાં સૌથી વધુ ૩.૩૫ ઈંચ વરસાદ, જે બાદ જામકંડોરણામાં ૨.૮૩ ઈંચ વરસાદ અને ધોરાજીમાં ૨.૧૭ ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે રાજકોટ શહેરમાં ૨.૦૧ ઈંચ વરસાદ ખાબકતા શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થતા શહેરીજનો હાલાકીનો ભોગ બની રહ્યા છે. આ ઉપરાંત ગોંડલ, વીંછીયા, ઉપલેટા, લોધીકા, કોટડા, સાંગણી, જેતપુર અને જસદણમાં પણ સારો વરસાદ નોંધાયો છે.વહીવટી તંત્ર સજ્જનોંધનીય છે કે, ત્યારે આગામી સમયમાં પણ રાજકોટ જિલ્લામાં વરસાદનું જોર યથાવત રહેવાની શક્યતા છે, ત્યારે આજી અને મોજ ડેમની સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણ રીતે સજ્જ છે અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવાની તૈયારીઓ શરૂ કરાઈ છે. આ ઉપરાંત, નદીના કાંઠે આવેલા ગામોમાં લોકોને સાવચેત રહેવા અને નદીમાં ન ઉતરવા અપીલ કરવામાં આવી છે.



## દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆમાં અકસ્માતમાં એક જ પરિવારના ચારના મોત

| પ્રતિનિધિ, દાહોદ, તા.૭ |

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ભૂત પગલા ગામના પરિવારને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. જેમાં ભૂત પગલા ગામે ઘાસ ભરેલી બોલેરો પીકઅપ પલટી ખાઈ ગઈ હતી. જેમાં ભૂત પગલા ગામની સીમમાં આવેલા ખેતરમાં ઘાસ લેવા ગયેલા પરિવારને અકસ્માત નડ્યો હતો.જેને કારણે ઘાસ ભરેલી પિકપ બોલેરો રોડની બાજુમાં આવેલ પાણી ભરેલા ખાડામાં પલ્ટી ખાઈ ગઈ હતી. આ ગાડીમાં ચાલક સાથે કુલ ૧૧ જેટલા પરિવારજનો સવાર હતા. જેમાં બોલેરો પીકપ પલટી ખાતા એક જ પરિવારના ચાર સભ્યોના મોત નીપજ્યા હતા. આ બનાવને પગલે આ વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે.

## અમદાવાદ : બગોદરા-બાવળા હાઇવે પર કાર પલટી, ૨ લોકોના મોત

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ |

અમદાવાદના બગોદરા-બાવળા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાંપૂર ઝડપે જઈ રહેલી કાર પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં બે લોકોના મોત નીપજ્યા હતા જ્યારે ૨ જણા ઘાયલ થયા હતા. હાઈવે પર રામનગરના પાટીયા નજીક અકસ્માતનો આ બનાવ બન્યો હતો.કારના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. ચાલકે કાબુ ગુમાવતા કાર પાણી ભરેલા ખાડામાં પડી હતી. અન્ય બે લોકોને ઈજા પહોંચતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા.ભોગ બનેલા લોકો ચોટીલા પૂનમ ભરીને પરત ફરતા હતા ત્યારે તેમને આ અકસ્માત નડ્યો હતો. બાવળા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. અમદાવાદના બગોદરા-બાવળા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાંપૂર ઝડપે જઈ રહેલી કાર પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં બે લોકોના મોત નીપજ્યા હતા.

### બનાસકાંઠા જિલ્લા પોલીસના વડાએ જણાવ્યું કે, "મેળો નિર્વિઘ્ન પૂર્ણ થયો

# અંબાજી મેળાના સાતમા અને છેલ્લા દિવસે શાંતિપૂર્ણ માહોલમાં મેળો સંપન્ન

### લાખો શ્રદ્ધાળુઓ અને સરકારી વિભાગો દ્વારા માતાજીને ધ્વજ અર્પણ કરાયા બાદ, આ મેળો કોઈ પણ મોટી ઘટના વિના સુપેરે પૂર્ણ થયો

| પ્રતિનિધિ, અંબાજી, તા.૭ |

ભાદરવી પૂનમનો મહામેળો આજે, તેના સાતમા અને અંતિમ દિવસે, માતાજીના જયઘોષ સાથે સંપન્ન થયો. લાખો શ્રદ્ધાળુઓ અને સરકારી વિભાગો દ્વારા માતાજીને ધ્વજ અર્પણ કરાયા બાદ, આ મેળો કોઈ પણ મોટી ઘટના વિના સુપેરે પૂર્ણ થયો. મેળાના છેલ્લા દિવસે, વહેલી સવારે મંગલા આરતી હોવાથી, યાત્રિકોનો ધસારો ખૂબ જ વધી ગયો હતો. શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ધ્વજા લઈને મંદિરના શિખરે ચઢાવવા ઉમટી પડ્યા હતા. આ ધ્વજારોહણ યાત્રિકો સાથે સરકારી વિભાગો દ્વારા પણ કરવામાં આવ્યું.આરોગ્ય વિભાગ, વન વિભાગ અને બનાસકાંઠા જિલ્લા પોલીસ સહિતના વિવિધ વિભાગોએ પણ માતાજીના મંદિરે ધ્વજ ચઢાવીને મેળાના શાંતિપૂર્ણ સમાપન બદલ આભાર વ્યક્ત કર્યો. બનાસકાંઠા જિલ્લા પોલીસના વડાએ જણાવ્યું કે, "મેળો નિર્વિઘ્ન પૂર્ણ થયો છે. અમે આશા રાખીએ છીએ કે આવતા વર્ષે પણ આ જ રીતે મેળો શાંતિપૂર્ણ રીતે યોજાય અને સંપૂર્ણ શાંતિ જળવાઈ રહે." મેળા દરમિયાન પોલીસ વિભાગના એસપી સહિત અન્ય અધિકારીઓ પણ મેળાના રંગમાં રંગાઈને સેવામાં જોતરાયા હતા.આ મેળાની એક ખાસ વાત વિશ્વની સૌથી લાંબી, ૨૬૨૬ ફૂટની ધ્વજા હતી, જે એક યાત્રિક



દ્વારા માતાજીના મંદિરે ચઢાવવામાં આવી. આ યાત્રિકે જણાવ્યું કે તેમણે આ પહેલા પણ અનેક વખત આવા વિશ્વ રેકોર્ડ બનાવ્યા છે.મેળાના અંતિમ દિવસે દિવ-દમણ અને કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ પણ અંબાજી મંદિરે દર્શન કરવા પ હોંચ્યા. પ્રફુલભાઈ પટેલ દર ભાદરવી પ ૂનમે અચૂક દર્શન કરવા આવે છે. તેમણે માતાજીના દર્શન કરીને ધન્યતા અનુભવી. તેમની સાથે ભાજપાના ધારાસભ્ય વી.ડી. ઝાલા પણ ઉપસ્થિત રહ્યા હતા.વરસાદ અને ચંદ્રગ્રહણઃ વાતાવરણમાં ભક્તિ અને પ્રકૃતિનો સંગમછેલ્લા ત્રણ દિવસથી અંબાજી પંથકમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ક્યારેક ધીમીધારે તો ક્યારેક ભારે વરસાદી ઝાપટાં વચ્ચે પણ શ્રદ્ધાળુઓની આસ્થા અડીખમ રહી. આજે સાંજે ૫:૦૦ વાગ્યે ચંદ્રગ્રહણને કારણે મંદિર દર્શનાર્થીઓ માટે સંપૂર્ણપણે બંધ થશે. આવતીકાલે, સોમવારે, સવારે ૮:૦૦ કલાકે માતાજીની આરતી થશે, ત્યારબાદ જ દર્શનાર્થીઓ માટે મંદિર ફરી ખોલવામાં આવશે.

## ઊંઝામાં નરાધમ પિતાએ ૯ વર્ષ ની દીકરીના કપડાં ફાડી જઘન્ય અપરાધ કર્યો

| પ્રતિનિધિ, મહેસાણા, તા.૭ |

મહેસાણાના ઉંઝામાં સંબંધો લજવતો બનાવ સામે આવ્યો છે. જેમાં સગા પિતાએ છૂટાછેડાની તકરારમાં અશોભનીય કૃત્ય આચર્યું હતું. જેમાં નરાધમ પિતાએ ૯ વર્ષ ની દીકરીના કપડાં ફાડી જઘન્ય અપરાધ કર્યો હતો. આરોપીને વર્ષ ૨૦૨૩થી પત્ની સાથે અણબનાવ ચાલે છે.આ અંગે માનસિક ત્રાસ અને ઘરેલુ હિંસાની ફરિયાદ કરી હતી. પતિ વિનાજી ઠાકોર સામે ઉંઝા કોર્ટમાં દાવો ચાલી રહ્યો છે.બે મિત્રો સાથે આવેલા વિનાજી ઠાકોરે આ અશોભનીય કૃત્ય આચર્યું હતું.જેને લઈને વિનાજી ઠાકોર અને તેના બે મિત્રો સામે ફરિયાદ દાખલ થઈ છે. એક માસ અગાઉ બનેલા આ બનાવમાં પોક્સો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. મહેસાણાના ઉંઝામાં સંબંધો લજવતો બનાવ સામે આવ્યો છે. જેમાં સગા પિતાએ છૂટાછેડાની તકરારમાં અશોભનીય કૃ ત્ય આચર્યું હતું. જેમાં નરાધમ પિતાએ ૯ વર્ષ ની દીકરીના કપ ડાં ફાડી જઘન્ય અપરાધ કર્યો હતો. આરોપીને વર્ષ ૨૦૨૩થી પ ત્ની સાથે અણબનાવ ચાલે છે.આ અંગે માનસિક ત્રાસ અને ઘરેલુ હિંસાની ફરિયાદ કરી હતી. પતિ વિનાજી ઠાકોર સામે ઉંઝા કોર્ટમાં દાવો ચાલી રહ્યો છે.બે મિત્રો સાથે આવેલા વિનાજી ઠાકોરે આ અશોભનીય કૃત્ય આચર્યું હતું.જેને લઈને વિનાજી ઠાકોર અને તેના બે મિત્રો સામે ફરિયાદ દાખલ થઈ છે.

### સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ તંત્રને હચમચાવી નાખ્યું

# મોરબીના જયસુખ પટેલની અજંતા કંપની ફરી વિવાદમાં લુણાવાડા હાઇડ્રો પાવર પ્રોજેક્ટ અકસ્માતમાં પોલીસે કેસ નોંધ્યો

| પ્રતિનિધિ, મોરબી, તા.૭ |

મોરબીમાં ઝૂલતા પુલ અકસ્માત બાદ ચર્ચામાં આવેલી અજંતા કંપની ફરી એકવાર વિવાદમાં ફસાઈ છે. લુણાવાડા તાલુકામાં સ્થિત અજંતા હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં ગંભીર અકસ્માતમાં પાંચ કામદારોના મોત બાદ લુણાવાડા તાલુકા પોલીસે કંપની સામે ગુનો નોંધ્યો છે. આ ઘટનાએ સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ તંત્રને હચમચાવી નાખ્યું છે, ત્યારબાદ બચાવ કામગીરી અને તપાસ શરૂ કરવામાં આવી છે.

અજંતા હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં બનેલી આ દુર્ઘટનામાં પાંચ કામદારો પાણીમાં ખેંચાઈ ગયા હતા. આ ઘટના પછી તરત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ



પાણીનો પ્રવાહ ઓછો હોવાથી બચાવ કાર્યમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. બે દિવસની સતત શોધખોળ બાદ, પાંચમા મૃતદેહને શોધવા માટે સિંચાઈ વિભાગના ઊંડા ડાઈવર્સની મદદ લેવામાં આવી હતી. લુણાવાડા અને વડોદરાની ફાયર વિભાગની ટીમો,એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમો પણ આ કામગીરીમાં સક્રિય હતી.૫૦ કલાકના અથાક પ્રયાસો પછી, અજંતા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનું સંચાલન પૂર્ણ થયું, પરંતુ આ અકસ્માતે અજંતા કંપનીના પ્રદર્શન અને સલામતીના ધોરણો પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. ઘટના પછી, જિલ્લા કલેક્ટર અર્પિત સાગર અને પોલીસ વડા સફીન હસન સતત ઓપરેશન સ્થળ પર હાજર રહ્યા હતા, જેમણે બચાવ કામગીરી અને તપાસનું નેતૃત્વ કર્યું હતું. પોલીસે અજંતા કંપનીના માલિક જયસુખ પ ટેલ અને સંબંધિત અધિકારીઓ સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પ્રારંભિક નિષ્કર્ષ એ છે કે આ ગુનો બેદરકારી અને સલામતીના ધોરણોનું પાલન ન કરવા સાથે સંબંધિત છે. મોરબીમાં ઝૂલતા પુલ અકસ્માત બાદ ચર્ચામાં આવેલી અજંતા કંપની ફરી એકવાર વિવાદમાં ફસાઈ છે. લુણાવાડા તાલુકામાં સ્થિત અજંતા હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં ગંભીર અકસ્માતમાં પાંચ કામદારોના મોત બાદ લુણાવાડા તાલુકા પોલીસે કંપની સામે ગુનો નોંધ્યો છે.

## સાબરકાંઠામાં યુવાનને પૈસાની લાલચ આપી ટાર્ગેટ પૂરો કર્યો, આરોગ્ય વિભાગનું નસબંધી કૌભાંડ

| પ્રતિનિધિ, સાબરકાંઠા, તા.૭ |

જિલ્લા આરોગ્ય વિભાગનું નસબંધી કૌભાંડ સામે આવ્યું છે. આ ઘટના વિજયનગરના કાલવણ ગામની છે. આ યુવકની નસબંધી ઈડરના કડિયાદરા પીએચસી સેન્ટરના કર્મચારીઓએ કરાવી નાંખી હતી.કાલવણ ગામના દિનેશ નિનામા નામના પુરુષની જાણકારી બહાર નસબંધી કરી દેવામાં આવી હતી. ચાર હજાર રૂપિયાની લાલચ આપી એનસીવી કરતા ચકચાર મચી ગઈ છે.આ નસબંધી ઈડરની ખાનગી હોસ્પિટલમાં કડિયાદરા પીએચસી સેન્ટરના સ્ટાફે કરાવી હતી.. ૧૫ દિવસ અગાઉ દારૂનું સેવન કરાવી લલચાવી અને ફોસલાવીને ટાર્ગેટ પૂર્ણ કરવામાં આવવામાં આવ્યો હતો.આ મામલે હવે કોઈ આરોગ્ય અધિકારીઓ ટેલિફોન ઉપાડતા નથી. પુરુષને ગુપ્તાંગ ભાગે સેપ્ટિક (ઈન્ફેક્શન) થતા સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યો હતો. ગામના પુરુષ સાથે મળી સ્ટાફના કર્મીઓ પીડિતને મેડિકલ ચેકઅપ અર્થે પીએચસી સેન્ટર લઈ ગયા હતા. ત્યારબાદ પીએચસી સેન્ટરમાં મેડિકલ ચેકઅપ પછી ઈડરની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી હતી. દિનેશ નિનામા નામના પુરુષને ઈન્ફેક્શન થતા સર્જરી માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ લવાયા છે.

## જુનાગઢમાં પરિણીતા સાથે ઇન્સ્ટામાં દોસ્તી કરી આખું વર્ષ હવસ સંતોષી

| પ્રતિનિધિ, જુનાગઢ, તા.૭ |

દિવસેને દિવસે સોશિયલ મીડિયાનું દૂષણ વધતું જાય છે. ત્યારે અમુક આવારા તત્ત્વો આ દૂષણની આડમાં ભોળી સગીર વયની છોકરીઓ તથા યુવતીઓ સાથે મીઠી મીઠી વાતો કરીને પહેલા દોસ્તી અને બાદમાં પ્રેમજાળમાં ફસાવે છે. જે બાદ લગ્નની લાલચ આપીને તેની સાથે કુકર્મ કરે છે. આવો જ એક કિસ્સો હાલ જુનાગઢ જિલ્લામાંથી સામે આવ્યો છે કે, જ્યાં એક નરાધમે શહેરની એક યુવતી સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કર્યા બાદ લગ્નની લાલચે દુષ્કર્મ આચરીને પૈસા પડાવ્યા હતા.

જોકે સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચતા પોલીસે આ નરાધમને પકડી પાડ્યો છે અને તપાસ શરૂ કરી છે.ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ, જુનાગઢના ઉપલેટાની એક ૨૫ વર્ષીય યુવતીના લગ્ન જામનગરમાં થયા હતા, પરંતુ પતિ સાથે મનમેળ ન થતા લગ્નના ૧૫ દિવસ બાદ તે ઉપલેટામાં પોતાના પિયર આવી ગઈ હતી અને તેના પતિ સામે ઉપલેટા કોર્ટમાં ડોમેસ્ટિક વાયોલન્સનો ગુનો દાખલ કરાવ્યો હતો. આ સમયે તે રાજકોટની એક હોસ્ટેલમાં રહેતી હતી, તે દરમિયાન જુનાગઢના વસીમ સાદિક નાગોરી નામના શખ્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ મારફતે યુવતીનો સંપર્ક કરીને વાતચીત શરૂ કરી હતી.




### વાહનચાલકો માટે શહેરના ટ્રાફિક પોલીસ દ્વારા કડક પગલાં ભરવામાં આવ્યા

# અમદાવાદીઓ હવે નિયમ તોડ્યા તો ગયા । ૩૨૦૦ વાહન ચાલકોના લાયસન્સ ટ્રાફિક પોલીસે રદ કર્યા

**ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, શહેરમાં ટ્રાફિકના વધતા બોજ અને અકસ્માતોની સંખ્યા પોલીસ માટે એક મોટો પડકાર બની ગઈ**



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો માટે શહેરના ટ્રાફિક પોલીસ દ્વારા કડક પગલાં ભરવામાં આવ્યા છે. ટ્રાફિક નિયમનનો ભંગ કરીને બેફામ ડ્રાઈવિંગ કરનારા અને અન્ય લોકોના જીવ જોખમમાં મૂકનારા વાહનચાલકો પર હવે પોલીસની ચાંપતી નજર રહેશે. જો વાહન ચલાવતા સમયે નિયમોનું પાલન નહીં કરે, તેમના માટે હવે લાયસન્સ રદ કરવી એવી પ ગલાં લેવામાં આવી રહી છે.

ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, શહેરમાં ટ્રાફિકના વધતા બોજ અને અકસ્માતોની સંખ્યા પોલીસ માટે એક મોટો પ ડકાર બની ગઈ છે. વારંવાર ટ્રાફિક નિયમનો ભંગ કરનાર અને અકસ્માત સર્જનારા વાહનચાલકો સામે હવે પોલીસ લાલ આંખ કરી છે. જો કોઈ વાહનચાલક અકસ્માત સર્જે છે અથવા સતત નિયમ ભંગ કરતો હોય, તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. છેલ્લા એક મહિનામાં અમદાવાદ આરટીઓને ૫૪૦૦ જેટલા વાહનચાલકોના લાયસન્સ રદ કરવા માટેની જાણ કરાવવામાં આવી હતી, જેમાંથી ૩૨૦૦ વાહનચાલકોના લાયસન્સ હવે રદ કરવામાં આવ્યા છે.

શહેરમાં ટ્રાફિક અવેરનેસ માટે પોલીસ લાંબા સમયથી લોકોને નિયમોનું પાલન કરવા અંગે સમજાવતી રહી છે. પરંતુ કેટલાક વાહનચાલકો સતત નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. ખાસ કરીને હેલ્મેટ નહીં પહેરવું, રોંગ સાઈડમાં વાહન ચલાવવું અને વારંવાર ટ્રાફિક નિયમોનો ભંગ કરવો એ ગંભીર બાબતો બની ગઈ છે. આ માટે હવે આરટીઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલિસ દ્વારા ખાસ જણાવાયું કે જે વાહનચાલકો અકસ્માત કરીને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકે છે, તેમના લાયસન્સ રદ કરવામાં આવે છે. ઉપરાંત, હેલ્મેટ પહેર્યા વગર વાહન ચલાવનાર અને પ મેમો ઈશ્યુ થવા છતાં નિયમોનું પાલન ન કરનારા વાહનચાલકોના લાયસન્સ પણ હવે રદ કરવામાં આવી રહ્યા છે. આથી તમામ વાહનચાલકોને ચેતવણી આપવામાં આવી રહી છે કે ટ્રાફિક નિયમોને મજાકમાં ન લેશો, નહીં તો કડક પગલાંનો સામનો કરવો પડશે.

શહેરના ટ્રાફિક વિભાગ દ્વારા આવતા સમયમાં પણ નિયમોનું પાલન કરાવવાના અને ટ્રાફિક સુરક્ષા વધારવાના ઉદ્દેશથી આવકારા વાહનચાલકો સામે સખત પગલાં ચાલુ રહેશે. શહેરના લોકો માટે સુરક્ષિત માર્ગવ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે આ કડક નિર્ણય મહત્વપૂર્ણ અને આવશ્યક છે. અમદાવાદમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો માટે શહેરના ટ્રાફિક પોલીસ દ્વારા કડક પગલાં ભરવામાં આવ્યા છે. ટ્રાફિક નિયમનનો ભંગ કરીને બેફામ ડ્રાઈવિંગ કરનારા અને અન્ય લોકોના જીવ જોખમમાં મૂકનારા વાહનચાલકો પર હવે પોલીસની ચાંપતી નજર રહેશે.

### ધોળા દિવસે જ્વેલર્સમાં ચોરોએ લૂંટનો નિષ્ફળ પ્રયાસ કર્યો

## લુણાવાડાના જ્વેલર્સમાં લૂંટનો નિષ્ફળ પ્રયાસ, સાવચેત કર્મચારીએ એલાર્મ દબાવતાં લૂંટારુઓ ભાગી ગયા

। પ્રતિનિધિ, મહિસાગર, તા.૭ ।

રાજ્યમાં ચોરી, લૂંટની ઘટના સામે આવતી હોય છે, ત્યારે મહીસાગરના લુણાવાડામાં ધોળા દિવસે જ્વેલર્સમાં ચોરોએ લૂંટનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેમાં શોરૂમના કર્મચારીએ સમયસુચકતા દાખવીને એલાર્મ બટન દબાવતા ચોર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, લુણાવાડાના પટેલ જ્વેલર્સમાં આજે રવિવારે (૭ સપ્ટેમ્બર) ગ્રાહક બનીને મહિલા સહિત ૭-૮ શખ્સો લૂંટ કરવાના ઈદારે આવ્યા હતા. જેમાં જ્વેલર્સમાં ખરીદી કરવાના ઈરાદે આવેલા શખ્સો પર શંકા જતાં શોરૂમના કર્મચારીએ તરતજ એલાર્મ બટન દબાવ્યું હતું. જેથી તમામ શખ્સો શોરૂમમાંથી ભાગી ગયા હતા. બાદમાં આરોપીએ જ્વેલર્સના સિક્યુરિટી સાથે જપાજપી કરી હોવાનું સામે આવ્યું છે. કાર લઈને આવલાં શખ્સોએ ધોળા દિવસે લૂંટનો નિષ્ફળ કર્યા બાદ ફાયરિંગ કર્યુ હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટના મામલે પ ોલીસને જાણ કરવામાં આવી હતી. જેને લઈને પોલીસે સીસીટીવીના આધારે આગળની તપાસ હાથ ધરી છે. રાજ્યમાં ચોરી, લૂંટની ઘટના સામે આવતી હોય છે, ત્યારે મહીસાગરના લુણાવાડામાં ધોળા દિવસે જ્વેલર્સમાં ચોરોએ લૂંટનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેમાં શોરૂમના કર્મચારીએ સમયસુચકતા દાખવીને એલાર્મ બટન દબાવતા ચોર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

## જામનગરમાં વ્યાજખોરના ત્રાસથી કંટાળી એસિડ પી લેનાર યુવાન ભાનમાં આવતાં પોલીસે વ્યાજખોર સામે ગુનો નોંધ્યો

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગરમાં તિરૂપતિ પાર્ક સોસાયટી શેરી નંબર -૭માં રહેતા લલિત ચંદ્રકાંતભાઈ સુરાણી નામના ૨૮ વર્ષના વાણંદ યુવાને બે દિવસ પહેલાં એસિડ પી લઈ આપઘાત નો પ્રયાસ કરતાં તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં સારવાર બાદ પોતે ગઈકાલે ભાનમાં આવ્યો હતો, ત્યારે પોતે વ્યાજખોરના વિષચક્રમાં ફસાઈ ગયો હોવાથી તેના ત્રાસમાંથી છુટકારો મેળવવા માટે આત્મહત્યાનું પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું. સીટી સી. ડિવિઝનના પી.એસ. આઈ. કે. એ. ચાવડા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને તેનું નિવેદન નોંધ્યું હતું, જેમાં તેણે જણાવ્યું હતું કે પોતે મચ્છર નગર વિસ્તારમાં રહેતા વિશ્વરાજસિંહ જાડેજા નામના વ્યાજખોર શખ્સ પાસેથી અઢી લાખ રૂપિયા માસિક ૨૦ ટકા લેખે વ્યાજે લીધા હતા. અને તે રકમ ના બદલામાં બે લાખ સાઈઠ હજાર જેટલું વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં વિશ્વરાજસિંહ જાડેજા દ્વારા ધાક ધમકીઓ અપાઈ હતી, અને વધુ વ્યાજ તથા મુદલની માંગણી કરાતાં અને પોતાના કોરા ચેક લખાવી લીધા હોવાથી તેના ત્રાસમાંથી મુક્તિ મેળવવા માટે એસીડ પી લીધું હોવાનું જણાવ્યું હતું.

## અમદાવાદમાં ટ્રકના ટાયર નીચે કચડાતા યુવકનું કરુણ મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

નરોડામાં હિટ એન્ડ રનનો વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો છે, નરોડા પાટિયા પાસે ટ્રકે એક્ટિવાને ટક્કર મારતા યુવકનું ટ્રકના ટાયર નીચે કચડતાં મોત થયું હતું. ડેકોરેશનના કામ માટે યુવક ચિલોડાથી આવી રહ્યો હતો, મોડી રાત સુધી ઘરે ના આવતાં પત્નીએ ફોન કર્યા ત્યારે અકસ્માતની જાણ થઈ હતી. આ અંગે બનાવ ટ્રાફિક જી ડિવિઝન પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.નિકોલમાં ઠક્કરનગરમાં રહેતા યુવક ગઈકાલે સાંજના સમયે નાના ચિલોડા ડેકોરેશનનું કામ જોવા એક્ટિવા લઈને ગયા હતા ત્યારબાદ ત્યાંથી પ રત આવી રહ્યા હતા અને નરોડા પ ાટિયા એસટી વર્કશોપ પાસે પહોચ્યા તે સમયે પૂરઝડપે આવી રહેલ ટ્રકના ડ્રાઈવરે એક્ટિવાને ટક્કર મારતા યુવક રોડ ઉપર પટકાતા ટ્રકનું ટાયર તેમના શરીર ઉપર ફરી વળતા તેમનું મોત થયું હતું. અકસ્માત બાદ ટ્રક મૂકીને ડ્રાઈવર ભાગી ગયો હતો. બીજીતરફ મોડી રાત સુધી ઘરે ના આવતાં પત્નીએ ફોન કર્યા ત્યારે અકસ્માતની જાણ થઈ હતી. આ અંગે ઘટના ટ્રાફિક જી ડિવિઝન પ ોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધીને આસપાસના સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે.ટ્રકના ટાયર નીચે કચડાતા યુવકનું કરુણ મોતનરોડામાં હિટ એન્ડ રનનો વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો છે, નરોડા પ ાટિયા પાસે ટ્રકે એક્ટિવાને ટક્કર મારતા યુવકનું ટ્રકના ટાયર નીચે કચડતાં મોત થયું હતું. ડેકોરેશનના કામ માટે યુવક ચિલોડાથી આવી રહ્યો હતો, મોડી રાત સુધી ઘરે ના આવતાં પત્નીએ ફોન કર્યા ત્યારે અકસ્માતની જાણ થઈ હતી. આ અંગે બનાવ ટ્રાફિક જી ડિવિઝન પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.નિકોલમાં ઠક્કરનગરમાં રહેતા યુવક ગઈકાલે સાંજના સમયે નાના ચિલોડા ડેકોરેશનનું કામ જોવા એક્ટિવા લઈને ગયા હતા.






## તંત્રી લેખ..

# પાયરેસીની તકલીફ

વર્ષોથી પાયરેસીનો ડંખ બોલિવુડને ઝેલવાની ફરજ પડી રહી છે. તે રોજગારી પર પણ સીધી અસર કરે છે. પાયરેસીના સમસ્યા અને તેના પર અંકુશ મુકવાની બાબતને લઈને હમેંશાથી ચર્ચા રહી છે. પાયરેસી સામે લોકડાઉન પહેલા અવાજ પણ ઉઠી ચુકી ચુકી છે. બોલિવુડના સંબંધિત લોકો દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. એક ફિલ્મ બનાવવામાં ખુબ પૈસા ખર્ચ થાય છે. કેટલાક લોકોના રોજગાર તો ફિલ્મ સાથેજ જોડાયેલા છે. જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હવે પાયરેસીની સામે એક મત થઈ રહી છે. પાયરેસીની ફિલ્મ પર માઠી અસર થાય છે. ફિલ્મ નિર્માતાને વધારે નુકસાન થાય છે. સારી પટકથા ધરાવતી ફિલ્મો લીક કરવામાં આવે છે. ઓછા લોકપ્રિય ચહેરા ધરાવતી ફિલ્મ બનાવવા માટે નાણાં ઓછા ખર્ચ કરવામાં આવે છે પરંતુ મોટા સ્ટાર ધરાવતી ફિલ્મ બનાવવા પાછળ તો જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. પાયરેસીના સફાયાની બાબત તો શક્ય દેખાતી નથી પરંતુ તેના પર કેટલાક પગલા લઈને અંકુશ મુકી શકાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સાથે સાથે સરકારને પણ કઠોર નિયમો બનાવવાની જરૂર છે. આના માટે નિષ્ણાંતોની કમિટી બનવી જોઈએ. સામાન્ય લોકો પણ પાયરેસીના મામલે તમામ બાબતો જાણે છે. પાયરેસી ફિલ્મ જોવાની બાબત એક ચોરી સમાન છે. મોઘા ટિકિટ પાયરેસીના માંગને વધારી દેવા માટે ચોક્કસ પણે કારણરૂપ છે. કારણ કે સામાન્ય ફિલ્મને નિહાળવા માટે કોઈ પણ પરિવાર ૨૦૦૦ રૂપિયા ખર્ચ કરશે નહી. આવી સ્થિતીમાં તે વેબસાઈટ પરથી જ આવી ફિલ્મ ડાઉનલોડ કરી નાંખે છે અને ઘરમાં જોઈ નાંખે છે. જો કે કેટલાક લોકો માને છે કે શહેરોમાં હજુ પણ સિંગલ સ્ક્રીન રહેલા છે જ્યા સસ્તામાં ફિલ્મ નિહાળી શકાય છે. થિયેટરના જાદુને ક્યારેય લેપટોપ અને સ્માર્ટ ફોન પર મેળવી શકાય નહી. પરંતુ લોકોને વિચારવાની જરૂર છે કે આવા સરળ મનોરંજનના ચક્કરમાં તેઓ કેટલાક લોકોની રોજગારી પર લાત મારી રહ્યા છે. લોકોને સમજી લેવાની જરૂર છે કે આ ફિલ્મની પાછળ સેંકડો લોકોની રોજગારી જોડાયેલી હોય છે. ફિલ્મ સારો કારોબાર કરે છે તો ઈન્ડસ્ટ્રીઝ આના કારણે આગળ વધે છે. પરંતુ પાયરેસી ફિલ્મના કારણે તેની ગણતરી પર માઠી અસર થાય છે. લોકો દસ રૂપિયા ખર્ચ કરીને પાયરેટેડ ફિલ્મને પોતાના મોબાઈલમાં અથવા તો લેપટોપમાં ડાઉનલોડ કરી નાંખે છે. આ બાબત ચોક્કસપણે ખોટી અને ગેરકાયદે છે. પાયરેસીના શિકાર થયેલી મોટી ફિલ્મમાં રજનિકાંતની કબાલી પણ સામેલ છે. રજનિકાતના એક્શન ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના ૭૦ મિનિટમાં જ લીક થઇ ગઇહતી. ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. જો કે ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૩૫૦ કરોડની કમાણી કરી હતી પરંતુ પાયરેસીના કારણે તેને પણ નુકસાન થયુ હતુ. જાણકાર લોકો માને છે કે કોઈ પણ વ્યક્તિ પેટ કાપીને તો ફિલ્મ નિહાળવા જશે નહી. નિર્માતા અને નિર્દેશકો તથા સરકાર માત્ર કમાણીને જ નહી બલ્કે લોકોની સંખ્યાને પણ ધ્યાનમાં લે તે જરૂરી છે. ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ, સાથે સાથે કાયદાકીય જોગવાઈ પણ કઠોર હોવી જોઈએ. દેશના આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે હજુ સુધી કોઈ ખાસ જોગવાઈ નથી

# સ્કીન માટે ફીશ ઓઇલ ખુબ આદર્શ



હાલમાં કોરોના કાળની સ્થિતી રહેલી છે. લોકો બિમારીને ટાળવા માટે બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. સાથે સાથે પોતાની રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે તમામ વિકલ્પનો ઉપયોગ કરી રહ્યા છે. જાણકાર નિષ્ણાંતો પણ આ વાતને માને છે કે ફિશની બનેલી ચીજો આરોગ્ય માટે ઉપોગી રહેલી છે. સાથે સાથે તેમાં કેલ્શિયમ પણ પુરતા પ્રમાણમાં રહે છે. ફિશ ઓઈલ કોરોનાની વિકટ સ્થિતીમાં માત્ર આરોગ્ય માટે જ નહીં બલ્કે અન્ય રીતે પણ ઉપયોગી છે.

ફીશ ઓઈલના ઘણા ફાયદા છે તે બાબત અગાઉ પણ સાબિત થઈ ચુકી છે. હવે ફરી આ વાતને અભ્યાસમાં સમર્થન મળ્યું છે. ફીશ ઓઈલ માત્ર આરોગ્ય માટે જ યોગ્ય નથી બલકે વાળ, સ્કીન માટે પણ ફીશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. આ ઉપરાંત જુદા જુદા રોગને રોકવામાં પણ ફીશ ઓઈલની ભુમિકા છે. ફીશ ઓઈલના ફાયદાઓને લઈને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. સ્વસ્થ હાર્ટને જાળવી રાખવા કોઈપણ વ્યક્તિને વધારે પ્રમાણમાં ફીશ ઓઈલ ધરાવનાર ભોજન ઉપયોગમાં લેવાની જરૂર છે. હાર્ટના રોગના ખતરાને ઘટાડવામાં તેમા રહેલા ઉમેગા-૩ તત્વો ઉપયોગી છે. આ ઉપરાંત તે એલડીએલ કોલેસ્ટ્રોલ પ્રમાણને પણ ઘટાડે છે. સાથે સાથે એચડીએલનું પ્રમાણ વધારે છે. એનડીએલ કોલેસ્ટ્રોલ ખરાબ કોલેસ્ટ્રેલ તરીકે ગણવામાં આવે છે. તે સારા કોલેસ્ટ્રોલના પ્રમાણને વધારે છે. ફીશ ઓઈલ હાર્ટ સ્ટ્રોકને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફીશ ઓઈલ હાઈપર ટેન્શનની સારવારમાં પણ ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત સ્લીમ રહેવમાં પણ મદદરૂપ બને છે. અભ્યાસમા જાણવા મળ્યુ છે કે વજન ઘટાડવામાં તેની ભુમિકા છે. નિયમિત પ્રમાણમાં ફીશ ઓઈલને ઉપયોગમાં લેવામાં આવે તો ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. અસ્થમાં જેવી શ્વાસની તકલીફ ધરાવતા લોકોને ફીશ ઓઈલ ખાવાથી ફાયદો થાય છે. સંશોધકોએ કહ્યું છે કે હાઈફીશ ડાઈટ ઉપર રહેલા બાળકોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જુદા જુદા ગ્રુપમાં બાળકોને વિભાજિત કરીને તેમના ઉપર નજર રાખવામાં આવી હતી. હાઈફીશ ડાઈટ ઉપર થોડાક બાળકોને રાખાવમાં આવ્યા હતા. જ્યારે અન્ય બાળકોને નિયમિત ડાઈટ ઉપર રાખવામાં આવ્યા હતા. પરિણામમાં જાણવા મળ્યું કે વધુ ફીશ ખાનાર બાળકો અસ્થમાના ઓછા શિકાર દેખાયા હતા અને તેઓ વધુ સારી રીતે શ્વાસ લઈ શકતા હતા. ફીશ ઓઈલના અન્ય ઘણા ફાયદા છે. ઓમેગા-૩ ફીશ ઓઈલ કેન્સરના સૌથી સામાન્ય સ્વરૂપ પૈકીના ત્રણ સ્વરૂપોને રોકે છે. જેમાં સ્થન કેન્સર અને પ્રોસ્ટટેટ કેન્સરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખતરનાક સેલોને પણ મારી નાખે છે. ફીશ ઓઈલથી વાળની ખૂબસુરતી અને ચમક વધે છે. ઓમેગામાં એવા તત્વો હોય છે જે વાળના ગ્રોથને વધારે છે તથા હેરલોસને અટકાવે છે. ફીશમાં મોટા પ્રમાણમાં પ્રોટીન તત્વો હોય છે.અત્રે નોંધનીય છે કે ભારતમાં વધતા જતા કેસો વચ્ચે છેલ્લા ૮૨ દિવસોમાં દેશમાં કોરોનાના કેસોની સંખ્યા બે ગણી થઈ ગઈ છે.પાંચ રાજ્યોમાં મોતના આંકડામાં વધારો થયો છે. કોરોનાની બીજી લહેરનો કહેર જારી છે. ગઈ વખતના સર્વોચ્ચ આંકડા કરતા આ આંકડા ૧૦ હજાર વધારે છે. આની સાથે જ મોતના મામલે પણ નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે. કોરોના લહેર દિન પ્રતિદિન ઘાતક બની રહી છે. તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યોછે. ૩૦મી એપ્રિલના દિવસે ચાર લાખ કેસ સપાટીપર આવ્યા હતા.દિલ્હીમાં સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવામાં આવ્યા બાદ સ્થિતીમાં આંશિક સુધારો થઈ રહ્યોછે. જો કે હાલમાં સ્થિતી સુધરી ગઈ છે તેમ કહી શકાય તેમ નથી. ૧૮ રાજ્યો કઠોર નિયમો પાળી રહ્યાછે.




### વિદ્યાર્થીઓ વચ્ચે સ્માર્ટ ફોન અતિ જરૂરી બન્યા છે

**આજે સ્માર્ટફોનના કારણે કેટલાકપ્રકારની એપ્સ હોવાના કારણે વિદ્યાર્થીઓ તેનાથી પ્રભાવિત રહે છે જેથ વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ આ પ્રકારના ફોનની માગ કરે છે, મોબાઇલ ફોન પર શિક્ષણ સાથે સંબંધિત એપ્સ દર્શાવીને વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ સ્માર્ટ ફોન ખરીદી લેવાની માંગ કરે છે**

# સ્માર્ટ ફોન વિદ્યાર્થીઓ માટે જરૂરી છે

**મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જુદી જુદી આકર્ષક એપ્સના કારણે એક પ્રકારના નશાનો શિકાર : કેરિયરને પણ નુકસાન કરી રહ્યા છે**



તાજેતરના સમયમાં જો વિદ્યાર્થીઓના સ્તર પર જોવામાં આવે તો મોબાઈલ ફોન સાથે હોવાની બાબત જરૂરી બની ગઈ છે. કોરોના કાળમાં તો વિદ્યાર્થીઓની સાથે સાથે પેરેન્ટસ પાસે મોબાઈલ ફોન હોવાની બાબત હવે મુળભૂત જરૂરીયાત બની ગઈ છે. બાળકો ભણવા અને રમવા જાય છે ત્યારે પેરેન્ટસને ચિંતા સતાવતી હોય છે. આવી સ્થિતીમાં બાળકોની પાસે મોબાઈલ ફોન હોવાની બાબત જરૂરી બની ગઈ છે. હવે પ્રશ્ન એ ઉઠે છે છે કે વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કઈ રીતે કરે છે. જો માત્ર પેરેન્ટસની ચિંતા અને બિનસુરક્ષાના કારણોથી મોબાઈલ ફોનના ઉપયોગ અંગે વિચારણા કરવામાં આવે તો આ બાબત વાજબી દેખાય છે. સાથે સાથે આ સમસ્યાને બેઝિક ફોનથી ઉકેલી શકાય છે. જેની કિંમત સામાન્યરીતે એક હજાર રૂપિયા સુધીની હોય છે. તેનો ઉપયોગ કરીને પેરેન્ટસ ક્યારેય પણ વિદ્યાર્થી ક્યાં છે તે અંગે માહિતી મેળવી શકે છે. અથવા તો તેમની સાથે વાતચીત કરીને ખાતરી કરી શકે છે. પરંતુ આજે સ્માર્ટફોનના કારણે કેટલાકપ્રકારની એપ્સ હોવાના કારણે વિદ્યાર્થીઓ તેનાથી પ્રભાવિત રહે છે. જેથ વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ આ પ્રકારના ફોનની માગ કરે છે. કેટલીક વખત મોબાઈલ ફોન પર શિક્ષણ સાથે સંબંધિત એપ્સ દર્શાવીને વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ સ્માર્ટ ફોન ખરીદી લેવાની માંગ કરે છે.ધોરણ છથી લઈને ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે કેટલાક એપ્સ હાલમાં ઉપલબ્ધ રહેલા છે. જેના કારણે વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં કામ કરી શકે છે. પરંતુ આનામાં કેટલાક એપ્સ એવા પણ છે જે વિદ્યાર્થીઓને બીજી તરફ આકર્ષિત કરે છે. આના કારણે તેમના અભ્યાસમાં અડચણો આવવાની શરૂઆત થઈ જાય છે. સોશિયલ સાઈટને લઈને હવે વિદ્યાર્થીઓમાં ક્રેજ સતત વધી રહ્યો છે. આ વયમાં વિદ્યાર્થીઓમાં નવી નવી બાબતો અથવા તો તે કેટલીક નવી ચીજો જાણવા માટેની ઉત્સુકતા રહે છે. કેટલીક વખત તો સ્માર્ટફોન વિદ્યાર્થીઓ માટે એડિક્શન બની જાય છે. આના કારણે તેમના શિક્ષણ પર માઠી અસર થાય છે. જો વિદ્યાર્થી પાસે સ્માર્ટફોન પર ઈન્ટરનેટ કનેક્સન નથી તો પણ તે તે ફ્રેન્ડ સર્કલમાં હોટસ્મોટ અથવા તો વાઈફાય ઝોનમાં જઈને એક્ટિવ મોબાઈલ એપ્સ અથવા તો ગેમ્સ ડાઉનલોડ કરી શકે છે. સોશિયલ સાઈટના એક પ્રકારના નશાના કારણે વિદ્યાર્થીઓ આધુનિક સમયમાં શિક્ષણથી દુર ભાગી રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓમાં તો વેબસાઈટ પર પોતાના સ્ટેટસને લઈને એક પ્રકારની ટેન્શનની સ્થિતી રહે છે. વિદ્યાર્થી પોતાના સોશિયલ ફ્રેન્ડસને આકર્ષિત કરવામાં લાગી જાય છે. આ સ્થિતીમાં કેટલાક વિદ્યાર્થીઓ તો માત્ર આ દિશામાં જ વિચારતા રહે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે આશરે છ અને નવ મિનિટમાં આ વિદ્યાર્થીઓ પોતાના મોબાઈલ પર મિત્રોની સ્ટેટસ જાણવા માટે પ્રયાસ કરે છે. વિદ્યાર્થીઓમાં પોતાના ફ્રેન્ડસના સ્ટેટસને જાણવા માટે ક્રેઝ સતત વધી રહ્યો છે. એક વખત એક ટીચરે ક્લાસની બહાર આવીને પોતાના મોબાઈલ ફોન પર એક સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર સ્ટેટસ ચકાસતા જાણવા મળ્યુ કે તેના એક વિદ્યાર્થીએ પોતાના ક્લાસ રૂમની અંદર સેલ્ફી થોડાક મિનિટ પહેલાજ લીધી હતી. આ વિદ્યાર્થી એજ હતો જે ક્લાસ રૂમમાં પણ હતો. આ એક માનસિક સ્થિતી છે જેના કારણે વિદ્યાર્થી પોતાના કેરિયરને બનાવવા માટેનો સમય ગુમાવી દે છે. આ વયમાં પેરેન્ટસને પણ વિદ્યાર્થી સાથે ખુબ સારા સંબંધ વિકસિત કરવાની જરૂર હોય છે. સાથે સાથે સૌથી મોટી બાબત તો કેરિયર માટેના હેતુ અથવા તો ટાર્ગેટ નક્કી કરવાની બાબત હોય છે. જો વિદ્યાર્થી સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેને કોઈ પણ બાબત ટ્રેકથી દુર કરી શકતી નથી પરંતુ જો તેને સ્માર્ટફોન અથવા તો અન્ય કોઈ ટેવ છે તો તેને શિક્ષણમાં તકલીફ થઈ શકે છે. આધુનિક સમયમાં ફોન જરૂરી છે પરંતુ સાથે સાથે તેનો ઉપયોગ યોગ્યરીતે થાય તે જરૂરી છે. કારણ કે કેરિયર બનાવવાના ગાળામાં તેના વધારા પડતા ઉપયોગથી નુકસાન થઈ શકે છે. સ્માર્ટ ફોન રાખવાના મુદે જુદા જુદા લોકોના જુદા જુદા અભિપ્રાય છે. કારણ કે કેટલાક નિષ્ણાંતો અને વાલીઓ સ્માર્ટ ફોનને આધુનિક સમયમાં યોગ્ય ગણે છે. જ્યારે કેટલાક લોકો તેને એક દુષણ તરીકે પણ ગણે છે. દુષણ તરીકે ગણનાર લોકો માને છે કે મોબાઈલ પર શિક્ષણ સાથે સંબંધિત બાબતો નિહાળવાના બદલે વિદ્યાર્થીઓ અશ્લીલતા અને ફિલ્મો તેમજ અન્ય સોશિયલ મિડિયાનો વધારે ઉપયોગ કરી રહ્યા છે.



### ભાગદોડની લાઇફમાં પણ સમય કાઢવાની તાકીદની જરૂર છે...

**જો કોઇ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે**

# કલાકો કામ કરનારા લોકો કસરત કરે

**થોડોક સમય પોતાના માટે કાઢવાથી થાક ઓછો લાગે છે અને ગુસ્સો પણ ઓછો આવે છે : શરીરને પુરતા પોષણ પર ધ્યાન પણ જરૂરી**



આધુનિક સમયમાં દરેક વ્યક્તિની લાઈફ ખુબ ભાગદોડ ભરેલી બની ગઈ છે. આધુનિક સમયમાં અમારી પાસે આરામથી એક કપ ચાર પીવાનો પણ સમય નથી. કામના કારણે અમે ચારેબાજુથી જોરદાર રીતે ઘેરાઈ ગયા છીએ. કામના કારણે માનસિક અને શારરિક તકલીફ ઉભી થવા લાગી ગઈ છે. આવી સ્થિતીમાં વ્યસ્ત સમય હોવા છતાં પોતાના માટે થોડોક સમય કાઢવામાં આવે તે જરૂરી છે. સમય પોતાના માટે કાઢવાના કારણે થાક લાગતી નથી. સાથે સાથે ગુસ્સો પણ આવતો નથી. કોઈ પણ વ્યક્તિએ પોતાને સ્વસ્થ રાખવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સેલ્ફ કેયર ટિપ્પસ દરેક વ્યક્તિને ઉપયોગી સાબિત થઈ શકે છે. જુદા જુદા અભ્યાસ દર્શાવે છે કે વર્કહોલિજમ અને મેન્ટલ તેમજ ફિજિકલ ડિસઓર્ડર વચ્ચે સીધા સંબંધ રહે છે. આને ચેતવણી તરીકે ગણીને અમને સાવધાન થઈ જવાની જરૂર છે. કામની સાથે સાથે શરીર પર ધ્યાન આપવાની જરૂર છે. આજના આધુનિક સમયમાં આ બાબત સ્વીકારી શકાય નહી કે આપના શરીરને કેટલા પ્રમાણમાં પોષક તત્વો મળે છે તે બાબતથી દરેક વ્યક્તિ વાકેફ રહે છે. વિટામિનનો ઉપયોગ પોષણ ના વીમા કરવા સમાન છે. જુદા જુદા રોગ પર સારવાર કરવાના નામે જંગી ખર્ચ કરવાના બદલે ડાઈટમાં મલ્ટી વિટામિન પર જંગી ખર્ચ કરવામાં આવે તે જરૂરી છે. મલ્ટી વિટામિન શરીરની તમામ જરૂરીયાત પૂર્ણ કરે છે. જો કોઈ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે. રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે. નિયમિતરીતે કરવામાં આવતી કસરત આપના શરીરને યોગ્ય રીતે કામ કરવામાં મદદરૂપ બને છે. કામના ગાળા દરમિયાન કરવામાં આવતી કસરત કરવાની ટેવ પાડવાની બાબત ખુબ સારી હોય છે. કારણ કે આના કારણે સાંજે પરિવારના સભ્યો સાથે સમય ગાળી શકાય છે. શરીર અને મન માટે ઓફિસ શ્રેષ્ઠ જગ્યા નથી. તાજી હવા અને તાપનો લાભ લેવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સુર્યપ્રકાશથી મળનાર વિટામિન ડી આપના આરોગ્યને સુધારી દેવામાં મદદરૂપ થાય છે. આવી જ રીતે ખુલ્લી હવામાં કરવામાં આવેલી વોકિંગ પણ ઉપયોગી સાબિત થાય છે. આવી ટેવ પાડીને ટીવી અથવા તો કોમ્પ્યુટરની સામે બેસીને ગાળવામાં આવતા સમયને પોતાની શરીરની કામની પ્રવૃતિમાં લગાવીને શરીરને ફિટ રાખી શકાય છે. ખુલ્લી હવામાં કરવામાં આવતી કસરત અને વોકિંગનો સીધો લાભ મળે છે. આના કારણે એકાગ્રતા વધારે મજબુત થાય છે. એક વખતે શરીર મજબુત બની જવાની સ્થિતીમં કેટલીક બિમારી તો સીધી રીતે જ ભાગી જાય છે. ઓફિસમાં કામ કરી કરીને થાકી જવાની સ્થિતીમાં રજા માણવાની બાબત પણ સારા વિકલ્પ તરીકે છે.યાત્રાના શૌખીન લોકોએ પ્રવાસ સ્થળો પર જવા માટેના આયોજન કરવા જોઈએ. મિત્રો અથવા તો પરિવારની સાથે સમય ગાળીને ટેન્શનમાંથી બહાર નિકળી શકાય છે. એંકાતમાં ગાળવામા આવતો સમય પણ ઉપયોગી સાબિત થાય છે. આનાથી યાદશક્તિ મજબુત બની જાય છે. એકાંતમાં રહીને પોતાની જરૂરીયાત મુજબ એક શાનદાર ચિત્ર બનાવી શકાય છે. આ પ્રકારના અનુભવ જવાબદારીના લાંબા કલાકથી આરામ આપે છે.વધારે સમય સુધી બેસીને કામ કરવાના કારણે ખુબ થાક લાગે છે. જેના કારણે શરીરમાં દુખાવો થઈ શકે છે. હાડકામાં દુખાવો કેટલાક કારણસર થઈ શકે છે. જેમાં ઓસ્ટિયો આર્થરાઈટિસ, સિકલ સેલ એનિમિયના કારણે પણ દુખાવો થાય છે. સ્નાયુ અને માસપેશિયા ખેંચાઈ જવાના કારણે હાડકામાં દુખાવો રહે છે. આ તમામથી બચવા માટે દરેક ૨૦ મિનિટમાં ઉભા થવાની જરૂર હોય છે. ડેસ્ક પર કામ કરનાર લોકોએ લાંબા સમય સુધી બેસી રહેવાથી બચવાના પ્રયાસ કરવા જોઈએ. ડેસ્ક પર હળવી કસરત જારી રાખવી જોઈએ. નિષ્ણાંતોના કહેવા મુજબ માથાને એકબાજુથી બીજી બાજુએ લઈ જવાથી ફાયદો થાય છે.



### ચીન ક્રૂડ ઓઈલ માટે આયાત પર મુખ્યરીતે આધારિત છે જેથી...

**ચીન ઘણા દ્વિપને પણ પોતાના હોવાનો દાવો કરે છે પેરેસલ દ્વિપ અને સ્માર્ટલે દ્વિપ પર અન્ય દેશ પોતાના અધિકારની વાત કરે છે જ્યારે કેટલાક દેશ પોતાના નિયંત્રણ ક્ષેત્રના આંશિક હિસ્સ તરીકે તેને ગણે છે**

# ભારતની લૂકઈસ્ટ નીતિ : ચીન હેરાન

**ભારત તેનાથી આગળ નીકળી જશે તેવા ભયથી ચીન સરકાર હાલમાં પરેશાન : તેલ અને ગેસ ભંડાર પર પ્રભુત્વ રાખવાની ખતરનાક ઇચ્છા**



દક્ષિણ ચીન દરિયામાં કોઈની પણ મંજુરી લીધા વગર તેલ અને ગેસના બ્લોકની શોધ ન કરવાની ભારતને ચેતવણી આપીને ચીને પોતાની ખતરનાક નીતિ રજુ કરી દીધી છે. આ ચેતવણીને માત્ર તેની દાદાગીરી તરીકે ગણી શકાય છે. આવી ચેતવણી આપીને તે માત્ર ભારતને દબાણમાં લેવાના પ્રયાસમાં છે જેથી આ ક્ષેત્ર પર તેનું વર્ચસ્વ યથાવત રહે. ભારતની કંપની ઓએનજીસી વિદેશ લીમીટેડ એક્સક્લુઝીવ ઈકોનોમી ઝોન અને વિયેતનામના ક્ષેત્રમાં તેલ અને ગેસની શોધમાં છે. ચીનનો હંમેશા તે દાવો રહ્યો છે કે ચીન દરિયામાં ૮૦ ટકા હિસ્સો તેનો છે. અન્ય દેશ તેમ કે વિયેતનામ, બ્રુનોઈ, મલેશિયા, તાઈવાન અને ફિલીપાઈન્સ પણ તેના જળક્ષેત્ર, દરિયાકાંઠાના વિસ્તારો અને દ્વિપ પર પોતાના દાવા કરતા રહ્યા છે. ચીન ભારતની લૂકઈસ્ટ નીતિને લઈને ખૂબ જ પરેશાન છે. ચીનની નારાજગીનું એક કારણ એ છે કે તેને મોદી સરકાર દ્વારા બનાવવામાં આવેલી નવી નીતિ લૂક ઈસ્ટ પસંદ પડી રહી નથી. તેને આ બાબતનો ભય સતાવી રહ્યો છે કે ભારતનું પડોશી દેશોમાં જે સન્માન છે તે આનાથી વધી જશે. અન્ય દેશ ચીનથી એટલા માટે પણ ભયભીત રહે છે કે કોઈ સમયે તેઓ ડ્રેગનનો હિસ્સો ન બની જાય. અહીં આ બાબત મહત્વપૂર્ણ છે કે આ ક્ષેત્ર વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગ તરીકે છે. વિશ્વના ૫૦ ટકાથી વધુ તેલ ટેન્કરો આ રસ્તે થઈને જ પસાર થાય છે.

મુખ્ય બાબત એ છે કે ચીન પોતાના ક્રૂડ ઓઈલ માટે આયાત પર વધારે આધારિત છે. જેથી તે ત્યાં પોતાની ગતિવિધિ વધારી રહ્યું છે. શિપીંગની દૃષ્ટિએ પણ આ રસ્તો ખૂબ મહત્વપૂર્ણ છે. ભારતની ઉપસ્થિતિથી તે આ કારણસર ચિંતત છે કે ભારત તેનાથી આગળ ન નીકળી જાય. જો ભારત હતાશ થશે તો અન્ય દેશ પહેલાથી જ નબળા પડી જશે તેવી ગણતરી તે કરી રહ્યું છે. આ જ કારણસર ચીને કહ્યું છે કે સરહદી વિવાદનો ઉકેલ આવવાથી આ ક્ષેત્રને સંયુક્ત વિકાસને પ્રત્સાહન મળશે. આ બાબત કોઈનાથી છૂપાયેલી રહી નથી કે અહીં દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના વિશાળ ભંડાર ઉપલબ્ધ છે. યુએસ એનર્જી ઈન્ફરમેશન એડમિનિસ્ટ્રેશન દ્વારા જે અહેવાલ આપવામાં આવ્યો છે તે મુજબ સાત અબજ બેરલથી વધુ તેલ ભંડાર અને નવ હજાર ટ્રિલિયન ફૂલ કુદરતી ગેસના ભંડાર રહેલા છે. આ આંકડા તેલ માટે દુનિયામાં બીજા સમૃદ્ધ દેશની લાઈમાં ભારત અને અન્ય દેશોને લાવી શકે છે. ચીન ઘણા દ્વિપને પણ પોતાના હોવાનો દાવો કરે છે. પેરેસલ દ્વિપ અને સ્માર્ટલે દ્વિપ પર અન્ય દેશ પોતાના અધિકારની વાત કરે છે જ્યારે કેટલાક દેશ પોતાના નિયંત્રણ ક્ષેત્રના આંશિક હિસ્સ તરીકે તેને ગણે છે. ચીન આ મુદ્દાના સમાધાન માટે આ ક્ષેત્ર પર દાવા કરનાર દેશોથી સામુહિક રીતે વાતચીત કરવાનો પણ ઈન્કાર કરે છે પરંતુ તે અલગ અલગરીતે આ દેશો સાથે વાતચીત કરવા ઈચ્છુક છે જે તેની ખતરનાર રણનીતિ દર્શાવે છે.વર્ષ ૨૦૧૩માં ફિલિપાઈન્સે સંયુક્ત રાષ્ટ્ર ટ્રિબ્યુનલમાં ચીનને કાયદાકીયરીતે પડકાર ફેંક્યો હતો. ફિલિપાઈન્સે એવી રજુઆત કરી હતી કે ચીનનો આ કોઈ કાયદાકીય અધિકાર નથી. આના જવાબમાં ચીને કહ્યું હતુ કે સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થતાને તે ક્યારે સ્વીકાર કરશે નહીં અને તેમાં ભાગ પણ લેશે નહીં. ચીન આ ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય જળક્ષેત્ર તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરે છે અને આને પોતાના ક્ષેત્ર તરીકે ગણે છે. અમેરિકાના સંરક્ષણ મંત્રી કાર્ટરે પણ ગયા સપ્તાહમાં ચીનને ચેતવણી આપતા કહ્યું હતુ કે દક્ષિણી દરિયાઈ ક્ષેત્રમાં ચીનની ગતિવિધિથી પ્રશાંત ક્ષેત્રમાં અસ્થિરતાને પ્રોત્સાહન મળશે. અમેરિકાનું એમ પણ કહેવું છે કે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ માનવ નિર્મિત દ્વિપને ચીનના દરિયાઈક્ષેત્ર તરીકે ગણી શકાય નહીં. કેટલાક લોકો અમેરિકન સંરક્ષણમંત્રીના આ નિવેદનને ભારત તરફી નિવેદન તરીકે ગણાવે છે. વાસ્તવિકતા એ છે કે ચીન પોતાની ગતિવિધિથી પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ જેવા દેશો પર પોતાની પક્કડને મજબુત બનાવી ભારતને ભીંસમાં લેવા ઈચ્છુક છે. અમેરિકાની સાથે મિત્રતા રાખનાર ભારતને લઈને તે ચિંતિત છે.


Cyber Octet™
CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD
BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD
Learn Ethical Hacking & Cyber Security
WHY JOIN CYBER OCTET ?
LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
TASK AND RESEARCH BASED TRAINING
100 % PLACEMENT ASSISTANCE
LIVE PROJECTS
INTERNATIONAL ACCREDIATION
TRAINING BY:-
THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT
ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)
WHO CAN JOIN
STUDENTS
WORKING PROFESSIONALS
BUSINESS OWNERS
Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad
91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com

# મુલાયમ અને ભરાવદાર વાળ માટે અપનાવો આ નુસખા, વાળની મજબૂતી ચોક્કસ વધશે

આજના સમયમાં હરકોઈ ખરતા વાળને લઈને ચિંતામાં હોય છે. તુટતા અને ખરતા વાળને લઈને લોકોના મનમાં એટલો ડર પેસી ગયો છે કે તે મોંઘા અને કેમિકલ યુક્ત હેર ટ્રીટમેન્ટ લેવા મજબૂર થઈ ગયા છે. જો તમે પણ ભરાવદાર, લાંબા અને મુલાયમ વાળ ઈચ્છો છો તો આ નુસખાઓથી વાળને પુરતુ પોષણ પણ મળશે અને કેમિકલની ઝંઝટ ખતમ થઈ જશે.



**એલોવેરા :** વાળ કે ત્વચાની સમસ્યાને દૂર કરવાની વાત થઈ રહી હોય ત્યાં એલોવેરાનો ઉલ્લેખ ચોક્કસથી કરવામાં આવે છે. એલોવેરા ખરતા વાળની સમસ્યાને દૂર કરવા માટે અકસીર છે. તે સ્કાલ્પને પોષણ આપીને મોઈશ્ચરાઈઝ કરે છે, જેનાથી વાળનો ગ્રોથ વધે છે. એલોવેરાને સ્કાલ્પમાં લગાવીને એક કલાક બાદ રેગ્યુલર શેમ્પુથી વાળ ધૂઓ. આ બે સ્ટેપ્સને રેગ્યુલર અજમાવવાથી પાતળા કે ડેમેજ વાળની સમસ્યા કાયમી દૂર થશે.

**અરીઠા :** અરીઠાનો ઉપયોગ આપણી દાદી-નાનીએ કર્યો છે, જે એક પ્રાકૃતિક અને પ્રાચીન પદ્ધતિ છે વાળને શેમ્પૂ કરવા માટે. જો તમારાં વાળ સતત પાતળા થઈ રહ્યા હોય તો ઘરે આમળા પાઉડર, અરીઠા અને શિકાકાઈ મિક્સ કરીને શેમ્પુ તૈયાર કરી શકો છો. આ ત્રણેયની માત્રા 1:1:1 રાખો. શેમ્પુ તૈયાર કરવા માટે આ મિશ્રણને પાણીમાં નાખીને થોડીવાર ઉકાળો અને આ જ પાણીને વાળ ધોવા માટે ઉપયોગ કરો. વાળ માટે આ ત્રણ મહત્વના ઈન્ગ્રિડિયન્ટ્સ વાળને મૂળથી મજબૂત કરશે ઉપરાંત સ્કાલ્પને પોષણ આપશે.

**ત્રિફળા :** આમળા અને હરિતાકી જેવા એક્ટિવ ઈન્ગ્રિડિયન્ટ્સ સાથે તૈયાર કરવામાં આવતા ત્રિફળા ડેમેજ વાળને રિપેર કરશે અને વાળને ભરાવદાર બનવાશે. હરિતાકીમાં એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-ફંગલ પ્રોપર્ટીઝ રહેલી છે જે સ્કાલ્પને પોષણ આપવા ઉપરાંત ડેન્ડ્રફની સમસ્યા પણ દૂર કરશે. તમે ત્રિફળાને નારિયેળ તેલમાં મિક્સ કરીને વાળમાં અપ્લાય કરી શકો છો અથવા તમારાં ડાયટમાં પણ સામેલ કરી શકો છો.

વાળને પોષણ માટે યોગ્ય ડાયટ ખૂબ જ જરૂરી છે. તમારાં લિવરનું સ્વાસ્થ્ય અને નબળી પાચનશક્તિ પાતળા વાળની સમસ્યાનું મૂળ કારણ હોઈ શકે છે. તેથી જ ત્રિફળાને ડાયટમાં સામેલ કરવાથી આ બંને સ્વાસ્થ્ય સમસ્યા દૂર થશે, તે તમારી ડાયજેસ્ટિવ સિસ્ટમને ડિટોક્સિફાઈ કરશે જેની અસર વાળ પર દેખાશે.

**બ્રાહ્મી :** આયુર્વેદમાં એક ચમત્કારિક પ્લાન્ટ તરીકે ઓળખાતી બ્રાહ્મી વાળને પોષણ આપવાની સાથે સાથે તણાવ દૂર કરશે અને દિમાગને શાંત રાખવામાં પણ મદદ કરશે. બ્રાહ્મી હેર લોસની સમસ્યા દૂર કરશે ઉપરાંત શુષ્ક સ્કાલ્પ અથવા ડેન્ડ્રફના કારણે સતત ખંજવાળને પણ દૂર કરવા માટે ઉપયોગી છે. આ ઉપરાંત બ્રાહ્મી ડેન્ડ્રફ, ખંજવાળ, સ્પ્લિટ એન્ડ્સને પણ દૂર કરે છે. બ્રાહ્મી ઓઈલથી વાળને અવાર-નવાર મસાજ કરવાથી તમને યોગ્ય રિઝલ્ટ મળશે.

# રેન્ડમ એક્ટ ઓફ કાઈન્ડનેસ:લોકોની નાની-નાની મદદ કોઈનું જીવન બદલી કાઢે છે પણ 'લોકો શું વિચારશે' એ વિચાર આપણને કોઈની મદદ કરતા રોકે છે

તમારું દયાભર્યું વલણ, કોઈની નાની એવી મદદ માત્ર તમને કે મદદ મેળવનારને જ નહીં પણ આખા સમાજને ખુશીઓથી ભરી શકે છે. જર્નલ ઑફ એક્સપરિમેન્ટલ સાઈકોલોજીમાં પ્રકાશિત નવા સ્ટડી મુજબ આપણે ઘણીવાર કોઈની મદદ કરી શકવાની સ્થિતિમાં હોવા છતાં એમ વિચારીને પાછળ હટી જઈએ છીએ કે બીજા લોકો શું વિચારશે? આ માનસિકતા આપણને ઘણીવાર લોકોને નાની-નાની મદદ કરતા રોકે છે.

મનોવિજ્ઞાની મેરિસા ફ્રેન્કો કહે છે કે, આપણે આપણા વર્તનના હકારાત્મક પાસા તરફ ધ્યાન નથી આપી શકતા. મદદ માટે સમાજમાં આગળ આવવાની જરૂર હોય ત્યારે મનમાં નકારાત્મકતા આવવા લાગે છે. આ પ્રકારના સ્ટડીમાં આ બાબત સાબિત થયા બાદ લોકો ખચકાટ છોડશે અને પરિચિત/અજાણ્યા લોકોની મદદ કરશે.

### રિસર્ચમાં લોકોને મદદ કરાવવામાં આવી

સ્ટડી માટે જુદા જુદા 8 પ્રયોગ કરવામાં આવ્યા હતા. એક પ્રયોગમાં ગ્રેજ્યુએશનના



વિદ્યાર્થીઓને લોકોની મદદ કરવા જણાવાયું હતું, જેમાં કોઈ અન્ય સ્ટુડન્ટને તેના ઘરેથી કોલેજ લાવવા, કોઈને ચા/કોફી પીવડાવવાની મદદ પણ સામેલ હતી.

અન્ય પ્રયોગમાં 84 લોકોને બે દિવસ ઠંડા સ્થળે રખાયા, જ્યાં તેમને ગરમ ચોકલેટ આપીને કહેવાયું કે આ ચોકલેટ તેઓ ખાઈ શકે છે કે બીજાને આપી શકે છે. 75 લોકોએ તેમની ચોકલેટ બીજાને આપી શકે છે. પછી તેમને રેટિંગ આપવા કહેવાયું કે તેમણે જેને ચોકલેટ આપી તેને કેવું લાગ્યું હશે?

### જે વ્યક્તિએ મદદ કરી છે તેના અનુભવનું સાચું મૂલ્યાંકન કરવું મહત્વપૂર્ણ છે

તેમાંથી જે લોકો સામાન્ય રીતે પણ લોકોની મદદ કરતાં રહેતાં હતાં તેમને લાગ્યું કે આ મોટી વાત નથી અને ચોકલેટ મેળવનારા લોકોને ઝાઝો ફરક નહીં પડ્યો હોય જ્યારે સામાન્ય રીતે લોકોની મદદ ન કરતા લોકોને એવું લાગ્યું કે ચોકલેટ મેળવનારા ખૂબ ખુશ હશે. યુનિવર્સિટી ઑફ ટેક્સાસના માર્કેટિંગ અને મનોવિજ્ઞાનના પ્રોફેસર ડૉ. અમિતકુમાર આ સ્ટડીનો હિસ્સો હતા. તેમણે કહ્યું કે આપણે જેમને મદદ કરીએ છીએ તેમને કેવું લાગ્યું હશે તેનું ખોટું આકલન આપણને મદદ કરતા રોકે છે.

### દયાળુ હોવાના વિચારથી આપણને તકલીફ થાય છે

મિત્રો સાથે મુલાકાત-વાતચીત, ત્યાં સુધી કે મોબાઈલ પર આવેલો મેસેજ પણ આપણને શાંતિ આપે છે. નવા સ્ટડીથી જાણવા મળ્યું કે લોકોની મદદ કરવામાં પણ તેટલી જ શક્તિ હોય છે. મદદ ભલે ગમે તેટલી નાની કેમ ન હોય, તે માનસિક તાણ ઘટાડે છે. ક્લિનિકલ મનોવિજ્ઞાની તારા કૌજિનૌઉ કહે છે કે લોકો દયા ઈચ્છે છે અને છતાં દયાળુ હોવાના વિચારથી તેમને મુશ્કેલી હોય છે.

# ગર્ભવતી મહિલાઓ માટે લીલા નાળિયેર છે અમૃત સમાન....

ગરમીના સમયમાં નાળિયેર પાણી વ્યક્તિની તરસ છીપાવવાની સાથે સાથે શરીરને ઠંડક પણ આપે છે. નાળિયેર પાણીનું સેવન આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે. નાળિયેર પાણીનું સેવન ડિહાઈડ્રેશન, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને વજન વધવા જેવી સમસ્યાઓને દૂર રાખે છે. તેનાથી તમારા બ્યુટી પ્રોબ્લેમ્સ પણ દૂર રહે છે.



મહિલાઓને પ્રેગ્નન્સી દરમિયાન પણ લીલા નાળિયેરનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. એક નાળિયેરનાં પાણીમાં 283 કેલરી અને 41 ટકા ફેટ હોય છે. સાથે-સાથે તેમાં સોડિયમ, પોટેશિયમ, વિટામિન ડી, વિટામિન બી6 મેગ્નેશિયમ તેમજ એન્ટીઓક્સિડન્ટ, મેંગેનીઝ, એમિનો એસિડ અને સાઈટોકાઈન જેવાં પોષકતત્વો પણ હોય છે. આમ તો નારિયેળનું સેવન ગર્ભાવસ્થા દરમિયાન સુરક્ષિત મનાય છે, પરંતુ જેમ કે હંમેશા કહેવાય છે કે, કોઈ પણ વસ્તુની અધિક માત્રા હંમેશા હાનિકારક સાબિત થાય છે.

તેવી જ રીતે તો નારિયેળનું સેવન સિમિત માત્રામાં કરવામાં આવે તો ફાયદો થાય છે અને ખાસ કરીને તે પ્રેગ્નન્ટ વૂમન માટે વધુ હિતકારી છે. નારિયેળમાં વિટામિન E હોય છે. જે બીમારીમાં લડવામાં મદદ કરે છે. આ સિવાય આપ નારિયેળના દૂધ અને તેલનું પણ સેવન કરી શકો છો.

ખાસ કરીને ગર્ભાવસ્થા દરમિયાન, દરેક વ્યક્તિની ફિઝિકલ કંડીશન અલગ-અલગ હોય છે. આ સમય દરમિયાન ડાયટમાં શું લેવું અને શું ન લેવું તેનું ખૂબ જ મહત્વનું છે. માતા જે ખાય છે, તેમાંથી બાળકને પોષણ મળે છે. શું આપ જાણો છો ગર્ભાવસ્થા દરમિયાન નારિયેળ ખાવના અનેક ફાયદા છે.

નારિયેળ ડાયટરી ફાઈબર, સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, મિનરલસ હોર્મોન, એન્જાઈન, વગેરેથી ભરપૂર છે. સીમિત માત્રામાં તેનું સેવન કરવાથી આ એનીમિયાને રોકી શકે છે. યુરિનરી ટ્રેક્ટ ઈંફેકશન, મોર્નિંગ સિકનેસ અને બ્લડ સરક્યુલેશન યોગ્ય કરે છે અને સોજાની સમસ્યાને પણ દૂર રાખે છે.

નારિયેળમાં મીડિયમ ચેઈ ટ્રાઈગ્સિરાઈડસ ફેટ હોય છે અને કહેવાય છે કે, આ શરીરમાં જમા ફેટને ઓછામાં મદદ કરે છે. આ માટે ગર્ભાવસ્થા દરમિયાન નારિયેળના દૂધનું સેવન કરવાથી સારૂં ફેટ પ્રાપ્ત થાય છે. ઉપરાંત તે બાળકના વિકાસમાં પણ મદદરૂપ થાય છે. તે યુરિન અને બ્રેસ્ટ મિલ્ક વધારવામાં પણ મદદ કરે છે.

# આધારકાર્ડમાં ફેરફાર માટે ધક્કા ખાવાની જરૂર નહીં ઘરે બેસીને આધારકાર્ડમાં અપડેટ કરી શકો છો એડ્રેસ

આજે આધારકાર્ડ એક અગત્યનું ડોક્યુમેન્ટ બન્યું છે. આધારકાર્ડમાં તમારી બધી જ જાણકારી જેવી કે, નામ, મોબાઈલ નંબર, એડ્રેસ, જન્મ તારીખ સાચી હોવી જરૂરી છે. પરંતુ ઘણીવાર નોકરિયાત લોકોની બીજા શહેરમાં બદલી થતા આધારકાર્ડમાં એડ્રેસ કેવી રીતે બદલી શકાય તે માટે મુંઝવણમાં હોય છે. પરંતુ આ મુંઝવણને તમે ગણતરીની મિનિટમાં દૂર કરી શકો છો. જો તમારે આધારકાર્ડમાં એડ્રેસ બદલવું હોય તો તમારે સેન્ટર પર જવાની જરૂર નથી. તમે ઘરે બેસીને ઓનલાઈન પણ એડ્રેસ અપડેટ કરી શકો છો. આ માટે તમારે 50 રૂપિયાનો ચાર્જ આપવો પડશે.

- સૌથી પહેલાં તમારે UIDAIની ઓફિશિયલ વેબસાઈટ myaadhaar.uidai.gov.in/ પર જાઓ.
- અહીં લોગીન કર્યા બાદ તમારે તમારો 12 આંકડાનો આધારનંબર નાખવો પડશે. આ બાદ કેપ્ચા કોડ ટાઈપ કરીને OTP પર ક્લિક કરો.
- આ બાદ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર એક OTP આવશે. તે નાખીને લોગીન કરો.
- આ બાદ આધાર અપડેટ વિકલ્પ પર ક્લિક કરો. આ બાદ પ્રોસીડ ટુ આધાર અપડેટના વિકલ્પ પર ક્લિક કરો.
- આ બાદ બીજા પેજ પર એડ્રેસ પર સિલેક્ટ કરીને પ્રોસીડ ટુ આધાર અપડેટ પર ક્લિક કરો.
- આ બાદ તમારી સામે તમારું જે હાલનું એડ્રેસ છે તે આવશે.
- આ બાદ તમે જે એડ્રેસ અપડેટ કરવા ઈચ્છો છો તેનો વિકલ્પ આવશે.
- જેમાં તમારે નવા એડ્રેસની માહિતી આપવી પડશે.
- એડ્રેસમાં ફેરફાર કરવા માટે એક ડોક્યુમેન્ટ સબમિટ કરવું પડશે જેમાં નવું એડ્રેસ હોય.
- આ પછી, તમારે નીચે આપેલા બંને ચેક બોક્સ પર ક્લિક કરીને નેક્સ્ટ પર ક્લિક કરવું પડશે.
- હવે તમારી પાસે પેમેન્ટનો વિકલ્પ હશે. અહીં તમે ઈચ્છો તે રીતે યુપીઆઈ નેટ બેન્કિંગ અથવા કાર્ડ દ્વારા પેમેન્ટ કરી શકો છો.
- પેમેન્ટ પૂરું થતાં જ તમને એક રસીદ મળી જશે. આ પછી 2 દિવસમાં આધારકાર્ડ અપડેટ થઈ જશે.
- દેશમાં 134 કરોડ લોકો પાસે આધારકાર્ડ. આ વર્ષ જુલાઈ મહિનાના અંતર સુધીમાં 134 કરોડથી વધારે લોકોના આધારકાર્ડ બની ચુક્યા છે. મંત્રાલય તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર, 26 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના 90% નાગરિકોના આધારકાર્ડ બની ચુક્યા છે. આઈટી મંત્રાલયના જણાવ્યાં અનુસાર, જુલાઈ 2022માં જ 1.47 કરોડ લોકોએ પોતાનું આધારકાર્ડ અપડેટ કર્યું છે.




# દુનિયાના 5 જાદુઈ સ્થળો, જ્યાં થાય છે સમુદ્ર અને રણનું મિલન



### આફ્રિકા

સહારા રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. સહારા પશ્ચિમમાં એટલાન્ટિક મહાસાગર અને પૂર્વમાં લાલ સમુદ્રને ટચ થાય છે. આ સ્થળની આસપાસ કેટલાક નગરો પણ વસેલા છે. લાલ અને પીળા રંગમાં રંગાયેલા સુંદર નાના ઘરો આ સ્થળની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. એટલાન્ટિક મહાસાગર અને એટલાસ પર્વતો વચ્ચે આવેલા સેંકડો જૂના પથ્થરના સ્મારકો પણ છે.

### ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયન રણ ત્યાં હિંદ મહાસાગરને મળે છે. ઓસ્ટ્રેલિયન શહેર પર્થ તેના તટીય શહેરો માટે જાણીતું છે, જે ચૂનાના પત્થરોથી ઘેરાયેલા છે. અહીં પણ રણ અને સમુદ્રનું મિલન ખૂબ જ સુંદર લાગે છે. હિંદ મહાસાગરના ચમકતા વાદળી પાણીની સામેના ખડકો એકદમ અલગ લાગે છે. મહાસાગર દેશના કેટલાક બેસ્ટ કોરલ રીફ્સ માટે જાણીતું છે. સમગ્ર વિસ્તારને એક્સપ્લોર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### ચિલી

અટાકામા રણ અહીં પ્રશાંત મહાસાગરને મળે છે. મહાસાગર અને રણ અહીં ઉત્તર ચિલીના એન્ટોફાગાસ્તા પ્રદેશમાં મળે છે. આ સ્થળ અનેક નાઈટ્રેટ માઈનિંગ ટાઉનોથી ઘેરાયેલું છે. કપલ્સ માટે ચિલીનો નજારો પણ ઘણો રોમેન્ટિક હોય છે. આ પ્રદેશમાં મુલાકાત લેવા માટેના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક લોસ ફ્લેમેંકોસ નેશનલ રિઝર્વમાં ચંદ્રની ખીણ છે. અહીંની રાતો એકદમ જાદુઈ લાગે છે.

### એન્ટાર્કટિકા

ધ્રુવીય રણ મહાસાગરને મળે છે. આપણે સામાન્ય રીતે રણને ગરમ અને શુષ્ક શબ્દો સાથે જોડીએ છીએ, પરંતુ એન્ટાર્કટિકાના ધ્રુવીય રણ ખૂબ જ અલગ છે. દરેક જગ્યાએ તમને બરફ દેખાશે. રણની જગ્યાએ કેટલી ઠંડી હોય છે તે સાંભળીને તમને પણ નવાઈ લાગશે, પરંતુ આ સત્ય છે. એક બર્ફીલા રણ, એન્ટાર્કટિક ધ્રુવીય રણ સમગ્ર ખંડમાં વિસ્તરેલ છે.

### આફ્રિકા

નામિબ રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ, નામિબ રણ એક ખૂબ જ સુંદર સ્થળ છે. આ સુંદરતા એ છે કે નામિબ રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. અહીં વસ્તી વધારે નથી, કારણ કે આ દરિયાકાંઠાના વિસ્તારમાં માત્ર થોડી વસાહતો રહે છે. આ પ્રદેશના કેટલાક મુખ્ય આકર્ષણોમાં ડોરોબ નેશનલ પાર્ક અને નામિબ-નૌક્લુફ્ટ નેશનલ પાર્કનો સમાવેશ થાય છે.

# ચહેરાને ચમકદાર, વાળને સીધા બનાવશે ભીંડો, કરો બસ આ એક નાનકડું કામ

ભીંડો. એક એવું શાક જે લગભગ દરેક ઘરમાં મળે છે અને નાનાથી લઈને મોટા સુધી સૌને પસંદ આવે છે. તે સ્વાદમાં સારી છે અને સ્વાસ્થ્ય માટે પણ. ભીંડો એન્ટિ ઓક્સિડન્ટ અને મિનરલ્સથી ભરપૂર હોય છે. સાથે તેમાં અનેક પોષક તત્વો હોય છે. તે ત્વચા અને વાળને પણ ફાયદો કરાવે છે. તો આજે અમે તેમન જણાવીશું ભીંડાના ફાયદા અને તેની સાથે કરવાનો ઉપયોગી ઉપાયો.

### ચહેરો બનાવશે ચમકદાર

ભીંડો ત્વચા માટે ખૂબ જ સારો છે. તે આપણી ત્વચાનું કોલેજન લેવલ વધારે છે, જે એન્ટી એજિંગનું કામ કરે છે. સાથે તે ચહેરાને ચમકદાર અને સોફ્ટ પણ બનાવે છે. આ માટે ચાર-પાંચ ભીંડા ધોઈને કાપી લો. તેને પાણીમાં ઉકાળી લો અને મિક્સરમાં પીસી લો. બાદમાં આ જેલને ચહેરા પર લગાવો અને હળવા હાથોથી મસાજ કરી 15-20 મિનિટ રહેવા દો. બાદમાં પાણીથી ધોઈ લો. આટલું કરવાથી તમારો ચહેરો ચમકવા લાગશે.

### વાળને કરશે સ્ટ્રેટ

ભીંડામાં એવા તત્વો મળે છે જે વાળને ખૂબ જ ફાયદો કરાવે છે. વાળને મજબૂતની સાથે સિલ્કી અને શાઈની પણ બનાવે છે. વાળ માટે ભીંડાનો ઉપયોગ કરવા માટે સૌથી પહેલા 8 થી 10 ભીંડા કાપી લો. તેને પાણીથી ધોઈલો અને મિક્સીમાં મુકીને પીસી લો. હવે તેને એક કપડામાં લઈ નીચોી લી. તેમાં કોર્ન ફ્લોર નાખી એક મિશ્રણ તૈયાર કરો. અને તેને ઘાટું થાય ત્યાં સુધી પકાવી લો. આ પેસ્ટને વાળમાં નાખો. 30 થી 50 મિનિટ સુધી તેને રાખો અને પછી વાળ ધોઈ લો. આવું નિયમતિ રીતે કરવાની વાળ સિલ્કી, શાઈની અને સ્ટ્રેઈટ થશે.



# આ ગામની મહિલાઓના વાળ છે દુનિયામાં સૌથી લાંબા, જાણો શું છે તેની પાછળનું રહસ્ય

ચીનની મહિલાઓ તેમના વાળ માટે ખૂબ જ જાણીતી છે. રેશમ જેવા વાળ તેમની ઓળખ છે. ત્યારે આજે વાત કરીશું ચીનના એક પ્રાચીન ગામ હુઆંગ્લુઓની. જ્યાંની મહિલાઓના વાળ દોઢ થી બે મીટરથી પણ વધુ લાંબા છે. આ ગામને લોન્ગ હેર વિલેજના નામે પણ ઓળખવામાં આવે છે. આ માટે તેનું નામ ગિનિઝ બુક ઑફ રેકોર્ડમાં પણ નોંધાયેલુ છે. અહીના સ્થાનિક લોકોનું માનવું છે કે, મહિલાઓના વાળની લંબાઈ જેટલી હશે એટલો જ તેનો પરિવાર ભાગ્યશાળી રહેશે.

### ગિનિઝ બુકમાં નોંધાયું છે નામ

તમને સાંભળીને આશ્ચર્ય થશે કે આ ગામનું નામ ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ છે. સૌથી લાંબા વાળ ધરાવતા ગામનો દરજ્જો આ ગામને મળ્યો છે. ચીનના આ ગામને લોન્ગ હેર વિલેજ પણ કહેવામાં આવે છે. આ ગામનું નામ હુઆંગ્લુઓ છે. જે જિનશા નદીના કિનારે આવેલું છે. અહીં રેડ યાઓ લોકો રહે છે અને આ મહિલાઓ તેમના લાંબા, ઘટાદાર અને કાળા વાળ માટે જાણીતી છે.

### જીવનમાં એક જ વાર કાપી શકે વાળ

આ ક્ષેત્રની એક ખાસ વિશેષતા છે કે અહીંની મહિલાઓ જીવનમાં માત્ર એક જ વાર વાળ કાપી શકે છે. 18માં જન્મદિવસે અહીંની મહિલાઓ વાળ કપાવી શકે છે. જેનો અર્થ એ થાય છે કે, છોકરી હવે લગ્ન માટે તૈયાર થઈ ગઈ છે. આ ગામની મહિલાઓ જ્યારે લગ્ન માટે જીવનસાથીની શોધ કરતી હોય છે ત્યારે પોતાના વાળને ઢાંકીને રાખે છે. છોકરીના કપાયેલા વાળને તેના દાદી સંભાળીને રાખે છે. લગ્ન બાદ તે વરરાજાને ભેટ આપવામાં આવે છે. કુંવારી છોકરીઓ પોતાના વાળ સૌથી પહેલા પતિને જ બતાવે છે.



### આ છે લાંબા વાળનું રહસ્ય

અહીંની મહિલાઓના લાંબા વાળનું રહસ્ય છે ચોખાનું પાણી. જેને તેઓ શેમ્પુની જેમ યુઝ કરે છે. સાથે તેઓ ત્યાંની નદીના પાણીથી વાળ ધુએ છે.આ ગામમાં દર વર્ષે 3 માર્ચે લોંગ હેર ફેસ્ટિવલ મનાવવામાં આવે છે. જેમાં મહિલાઓ ગાઈને અને ડાન્સ કરીને પોતાના વાળનું પ્રદર્શન કરે છે. જેને જોવા માટે ટૂરિસ્ટો ખાસ આવે છે.

# પાકિસ્તાનના પંજાબમાં પૂરને કારણે ૫૦ લોકોના મોત । ૪૦ લાખ લોકો પ્રભાવિત





લાહોર : ૨૩ ઓગસ્ટથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પૂરને કારણે ૫૦ લોકોના મોત થયા છે અને લગભગ ૪૦ લાખ લોકો પ્રભાવિત થયા છે. અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી. તેમણે કહ્યું કે ૧૩ કરોડની વસ્તી ધરાવતા પ્રાંતમાં ઓગસ્ટના મધ્યભાગથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે, જેના પરિણામે લગભગ બધી નદીઓ અને ઉપનદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.પંજાબ પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના મહાનિર્દેશક ઇરફાન અલી કાઠિયાએ અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ''પંજાબમાં અત્યાર સુધીમાં પૂરથી લગભગ ૪૦ લાખ લોકો પ્રભાવિત/વિસ્થાપિત થયા છે. પૂરના પાણીમાં ફસાયેલા લગભગ ૧૮.૪ લાખ લોકો અને ૧૩.૪ લાખ પશુઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.''કાઠિયાએ કહ્યું, ''પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૫૦ લોકોના મોત થયા છે અને મૃતકોના પરિવારોને ૧૦-૧૦ લાખ પાકિસ્તાની રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવશે.'' તેમણે કહ્યું કે ત્રણ નદીઓ - રાવી, ચિનાબ અને સતલજ - ના પૂરના પાણીમાં ૩,૯૦૦ ગામો ડૂબી ગયા છે અને હજારો એકર પાકનો નાશ થયો છે.કાઠિયાએ જણાવ્યું હતું કે સિયાલકોટ અને ગુજરાત સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓ છે અને પંજાબના વિવિધ વિભાગોમાં વધુ વરસાદની અપેક્ષા છે.

## આલિયા ભટ્ટે કોમેડી ફિલ્મમાં કામ કરવાની ઇચ્છા જણાવી



। મુંબઇ, તા.૭ ।

આલિયા ભટ્ટે કોમેડી ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા જાહેર કરી છે. અભિનેત્રીએ કહ્યુ ંહતું કે, મેં હજી સુધી કોમેડી ફિલ્મમાં કામ ન કર્યું હોવાથી મને હવે આ વિષય પર કામ કરવાની ઈચ્છા છે. સાથેસાથે તેણે અફસોસ પણ વ્યક્ત કર્યો હતો કે, મારી પુત્રી રાહા જોઇ શકે એવી એક પણ ફિલ્મ મેં હજી સુધી કરી નથી. આલિયાએ એમ પણ કહ્યું હતું કે, આમ જુઓ તો આ વાત સાવ સામાન્ય અને નાની છે, પરંતુ મને અચાનક જ આ વિચાર સ્ફૂર્યો હતો. આલિયાએ આગળ જણાવ્યું હતું કે, મે હજી સુધી કોમેડી ફિલ્મમાં કામ ન કર્યું હોવાથી મને હવે આ વિષયે આકર્ષિત કરી છે. આપણને જીવનમાં પ્રેરિત કરે એવું પણ શોધવું જરૂરી છે.તેણે કહ્યુ ંહતું કે,હું થોડા સમયથી આ બાબતે મારી ઈચ્છા જણાવી રહી છું. મને કોમેડીની સારી સ્ક્રિપ્ટ મળશે તો ચોક્કસ હું એ વિષયની ફિલ્મ પર કામ કરીશ. આલિયા પાસે હાલ યશરાજ ફિલ્મસની અલ્ફા અને સંજય લીલા ભણશાલીની લવ એન્ડ વોર છે. આલિયા ભટ્ટે કોમેડી ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા જાહેર કરી છે. અભિનેત્રીએ કહ્યુ ંહતું કે, મેં હજી સુધી કોમેડી ફિલ્મમાં કામ ન કર્યું હોવાથી મને હવે આ વિષય પર કામ કરવાની ઈચ્છા છે. સાથેસાથે તેણે અફસોસ પણ વ્યક્ત કર્યો હતો,

### ટેલિફોન કોલમાં શી જિનપિંગે ટ્રમ્પ અને તેમની પત્નીને ચીનની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું

## ટ્રમ્પ એશિયા પેસિફિક આર્થિક સહયોગ સમિટમાં ભાગ લેવા માટે દક્ષિણ કોરિયાની મુલાકાત લઈ શકે

**મુલાકાતનો હેતુ એશિયા-પેસિફિક આર્થિક સહયોગ સમિટમાં ભાગ લેવાનો છે, જે ઓક્ટોબરના અંતથી નવેમ્બરની શરૂઆતમાં યોજાશે । ચીનની મુલાકાત લેવાની ઇચ્છા વ્યક્ત કરી તારીખ નક્કી કરવામાં આવી નથી**



। વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઓક્ટોબરમાં તેમના મુખ્ય સલાહકારો સાથે દક્ષિણ કોરિયાની મુલાકાત લઈ શકે છે. આ મુલાકાતનો હેતુ એશિયા-પેસિફિક આર્થિક સહયોગ સમિટમાં ભાગ લેવાનો છે, જે ઓક્ટોબરના અંતથી નવેમ્બરની શરૂઆતમાં યોજાશે.

ટ્રમ્પ વહીવટીતંત્રના ત્રણ અધિકારીઓએ ઝદ્ગદ્ગને જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમની ટીમ એપીઈસી વેપાર મંત્રીઓની બેઠકની તૈયારી કરી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન ટ્રમ્પ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી શકે છે. જોકે, આ અંગે અંતિમ નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી.

ગયા મહિને એક ટેલિફોન કોલમાં શી જિનપિંગે ટ્રમ્પ અને તેમની પત્નીને ચીનની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું. ટ્રમ્પે પણ આમંત્રણ સ્વીકાર્યું અને ચીનની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ તારીખ નક્કી કરવામાં આવી નથી.

વ્હાઈટ હાઉસના એક અધિકારીએ સીએનએનને જણાવ્યું હતું કે આ મુલાકાત યુએસ અર્થતંત્રમાં વધુ રોકાણ લાવવાની તક બની શકે છે. અધિકારીએ જણાવ્યું હતું કે દક્ષિણ કોરિયાની મુલાકાત પર ચર્ચા થઈ રહી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક સહયોગ પર કેન્દ્રિત રહેશે. વેપાર, સંરક્ષણ અને નાગરિક પરમાણુ સહયોગ પર પણ ચર્ચા કરવાની યોજના છે.આ મુલાકાત દરમિયાન ટ્રમ્પ ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનને પણ મળે તેવી શક્યતા છે. પરંતુ કિમ સમિટમાં હાજરી આપશે કે નહીં તે સ્પષ્ટ નથી. અધિકારીઓના મતે શી જિનપિંગ સાથે સંભવિત મુલાકાતને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ગયા અઠવાડિયે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગની ટ્રમ્પ સાથેની મુલાકાત દરમિયાન, તેમણે તેમને છઁઈઝ સમિટમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું હતું.

ટ્રમ્પ શી અને કિમ સાથેના તેમના સંબંધોને લઈને જટિલ પરિસ્થિતિમાં છે. તાજેતરમાં તિયાનજિનમાં પૂર્ણ થયેલા શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ દરમિયાન, શી જિનપિંગે કિમ જોંગ ઉન, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને પીએમ નરેન્દ્ર મોદીનું આયોજન કર્યું હતું. વોશિંગ્ટનમાં આ વાતને લઈને નારાજગી જોવા મળી હતી. ટ્રમ્પની દક્ષિણ કોરિયાની મુલાકાત ભારત માટે ચિંતાનો વિષય બની શકે છે. એક તરફ શુક્રવારે, ટ્રમ્પે શી, પુતિન અને મોદીનો ફોટો શેર કર્યો.

### મહારાષ્ટ્રના રાજકારણમાં

## મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મારૂં કાર્ય સંપૂર્ણ સંકલનમાં ચાલી રહ્યું છે : શિંદે

**શાસક મહાયુતિના સાથી પક્ષો વચ્ચે આ કામનો શ્રેય લેવા માટે કોઈ સ્પર્ધા નથી અને તેઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે**

। મુંબઈ, તા.૭ ।

મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણી વખત આવા સમાચાર સામે આવ્યા છે કે સરકાર અને તેના ઘટક પક્ષો વચ્ચે બધું બરાબર નથી ચાલી રહ્યું. ઘણી વખત એવું પણ કહેવામાં આવ્યું છે કે કામનો શ્રેય લેવાની દોડ ચાલી રહી છે. જોકે, આ બધી અફવાઓ અને વાતો પર, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ હવે કહ્યું છે કે શાસક મહાયુતિના સાથી પક્ષો વચ્ચે આ કામનો શ્રેય લેવા માટે કોઈ સ્પર્ધા નથી અને તેઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે.શનિવારે છપાયેલી જાહેરાતો પર પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં એકનાથ શિંદેએ આ નિવેદન આપ્યું છે. આ જાહેરાતોમાં ફક્ત મુખ્યમંત્રી ફડણવીસ જ જોવા મળ્યા હતા. આ જ કારણ છે કે અનેક પ્રકારના પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા.એક જાહેરાતમાં દેવેન્દ્ર ફડણવીસ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને ફૂલો ચઢાવતા દર્શાવવામાં આવ્યા હતા, જ્યારે બીજી જાહેરાતમાં તેમને દસ દિવસના ગણેશ ઉત્સવના છેલ્લા દિવસે અનંત ચતુર્દશીના અવસર પર ભગવાન ગણેશની પૂજા કરતા દર્શાવવામાં આવ્યા હતા. બંને જાહેરાતોની નીચે મરાઠીમાં 'દેવ ભાઉ' લખેલું છે. જોકે, આ જાહેરાતો કોણે છાપી હતી તે જાણી શકાયું નથી.શનિવારે થાણેમાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા શિંદેને પૂછવામાં આવ્યું કે શું આ જાહેરાતો મુખ્યમંત્રી ફડણવીસ દ્વારા પોતાને મરાઠા અનામતના શિલ્પી તરીકે રજૂ કરવાનો પ્રયાસ છે?જવાબમાં શિંદેએ કહ્યું, ''અમે શ્રેય લેવાની દોડમાં નથી. મરાઠા સમુદાય હોય કે અન્ય પછાત વર્ગો , મહાયુતિ સરકારે તેમને ન્યાય અપાવવાનું કામ કર્યું છે. આ કાર્ય છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં જ પુષ્ટિ મળી હતી.'' તેમણે કહ્યું, ''હવે દેવેન્દ્રજી અને મેં એક ટીમ તરીકે અમારી બીજી ઈનિંગ શરૂ કરી છે. આગળ પણ અમારો એજન્ડા એ જ રહેશે. રાજ્યનો વિકાસ અને ગરીબો અને જરૂરિયાતમંદોને મદદ કરવી.''તાજેતરમાં મરાઠા અનામતના મુદ્દાએ રાજ્યમાં ફરી એકવાર હંગામો મચાવ્યો છે, જ્યારે કાર્યકર્તા મનોજ જરાંગે તેમની માંગણીને લઈને મુંબઈમાં પાંચ દિવસની ભૂખ હડતાળ પર ઉતર્યા હતા. જરાંગેએ ૨૯ ઓગસ્ટે વિરોધ શરૂ કર્યો હતો.

## રશ્મિકા અને વિજયે સગાઈ કરી લીધી હોવાની અટકળો



। મુંબઇ, તા.૭ ।

લવ બર્ડ્સ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ સગાઈ કરી લીધી હોવાની અટકળો છે. રશ્મિકાએ તાજેતરમાં પોતાની વીંટી ફ્લોન્ટ કરી હતી. તેના પરથી ચાહકો માની રહ્યા છે કે બંનેએ સગાઈ કરી લીધી છે. જોકે , રશ્મિકા કે વિજય બંનેમાંથી કોઈ પણ હજુ સુધી પોતાના સંબંધો ઓફિશિયલ કર્યા નથી.

રશ્મિકા તાજેતરમાં દુબઈમાં એક ઈવેન્ટમાં ગઈ હતી. ત્યારે તેણે આ રિંગ અવારનવાર લોકોનું ધ્યાન જાય તે રીતે ફ્લોન્ટ કરી હતી.રશ્મિકા અને વિજય વર્ષો પછી એક ફિલ્મમાં સાથે કામ કરવાના છે. આ ફિલ્મ ને હાલ 'વીડી૧૪' એવું હંગામી ટાઈટલ અપાયું છે. આ ફિલ્મનું શૂટિંગ ગયાં સપ્તાહે હૈદરાબાદમાં શરૂ પણ થઈ ગયું છે. અગાઉ આ જોડીની કે 'ગીત ગોવિંદમ' સહિતની ફિલ્મો હિટ થઈ ચૂકી છે. બંનેનો રિયલ લાઈફ રોમાંસ પૂરબહાર ખીલ્યા બાદ હવે ચાહકો તેમની ઓનસ્ક્રીન કેમિસ્ટ્રી નિહાળી શકશે.રશ્મિકા અને વિજયે તાજેતરમાં ન્યુ યોર્કમાં ઈન્ડિયા ડે પરેડમાં સાથે ભાગ લીધો હતો. આ ઈવેન્ટમાં બંને જાણે કોઈ નવપરણિત દંપતી હોય તેવું વર્તન કરતાં જોવા મળ્યાં હતાં. લવ બર્ડ્સ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ સગાઈ કરી લીધી હોવાની અટકળો છે. રશ્મિકાએ તાજેતરમાં પોતાની વીંટી ફ્લોન્ટ કરી હતી. તેના પરથી ચાહકો માની રહ્યા છે કે બંનેએ સગાઈ કરી લીધી છે.

## તિહાર જેલમાં બંધ સાંસદ એન્જિનિયર રાશિદ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં મતદાન કરી શકશે

। નવીદિલ્હી, તા.૭ ।

પટિયાલા હાઉસ કોર્ટે જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લાના લોકસભા સાંસદ એન્જિનિયર રાશિદને કસ્ટડી પેરોલ મંજૂર કર્યા છે. તેમને ૯ સપ્ટેમ્બરે યોજાનારી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં મતદાન કરવા માટે આ પેરોલ મળ્યો છે. રાશિદ એન્જિનિયરને આ પેરોલ ફક્ત કસ્ટડીમાં જ મળશે, એટલે કે, તેઓ સુરક્ષા એજન્સીઓની દેખરેખ હેઠળ સંસદમાં જશે અને મતદાન કર્યા પછી તેમને પાછા જેલમાં લાવવામાં આવશે.ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન ૯ સપ્ટેમ્બરે સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાશે. આ સમય દરમિયાન, લોકસભા અને રાજ્યસભાના સાંસદો મતદાન કરી શકશે. તમને જણાવી દઈએ કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી બંધારણના અનુચ્છેદ ૬૬ હેઠળ થાય છે. આ એક પરોક્ષ ચૂંટણી પ્રક્રિયા છે, જેમાં સંસદના બંને ગૃહો, લોકસભા અને રાજ્યસભાના ચૂંટાયેલા અને નામાંકિત સભ્યો સામેલ હોય છે.આ પ્રક્રિયા રાષ્ટ્રપતિની ચૂંટણીથી થોડી અલગ છે કારણ કે રાજ્ય વિધાનસભાઓની તેમાં કોઈ ભૂમિકા હોતી નથી. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સિંગલ ટ્રાન્સફરેબલ વોટ સિસ્ટમ હેઠળ ગુપ્ત મતદાન દ્વારા યોજવામાં આવે છે. જીતવા માટે, ઉમેદવારને કુલ માન્ય મતોના અડધાથી વધુ મેળવવા આવશ્યક છે.

## સમુદ્રમાં કેબલ કાપી નાંખવામાં આવતા એશિયામાં અનેક જગ્યાએ ઈન્ટરનેટ ઠપ । હૂતીઓ પર આરોપ

। વોશિંગ્ટન, તા.૬ ।

ભારત સહિત એશિયાના અમુક હિસ્સામાં આજે ૭ સપ્ટેમ્બરે રવિવારે ઈન્ટરનેટ સેવાઓ ખોરવાઈ હતી. રાતા સમુદ્રની નીચે કેબલ કપાઈ જતાં ઈન્ટરનેટ સેવાઓ ખોરવાઈ હોવાનું પ્રારંભિક ધોરણે જાણવા મળ્યુ છે. આશંકા છે કે, આ કામ હૂતી વિદ્રોહીઓએ કર્યુ હશએ. પરંતુ તેમણે આ મામલે કોઈ હુમલો કર્યો હોવાનો ઈનકાર કર્યો છે.મીડિયા રિપોર્ટ અનુસાર, ઈન્ટરનેટ એક્સેસ પર નજર રાખતી કંપની નેટબ્લોક્સે જણાવ્યું હતુ કે રાતા સમુદ્રમાં પાણીની અંદર કેબલના અનેક વિક્ષેપોને કારણે ઘણા દેશોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી પ્રભાવિત થઈ છે. જેમાં ભારત અને પાકિસ્તાન પણ સામેલ છે. કંપનીએ સાઉદી અરેબિયાના જેદ્દાહ નજીક SMW4 અને IMEWE કેબલ સિસ્ટમ્સ સંબંધિત ખામીની જાણ કરી છે. અહેવાલ મુજબ, યમનના હૂતી બળવાખોરો રાતા સમુદ્રમાં આ કેબલ્સને નિશાન બનાવી રહ્યા છે, જેના કારણે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બળવાખોરોએ આ હુમલાની જવાબદારી લીધી નથી. તેણે આ હુમલો કર્યો હોવાનો ઈનકાર કર્યો છે. તેમજ આ કૃત્ય ઈઝરાયલ દ્વારા હાથ ધરાયુ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હમાસ પર દબાણ લાવવા ઈઝરાયલે ષડયંત્ર રચ્યું છે. હૂતીઓએ આ અંગે સ્પષ્ટતા પોતાની સ્થાનિક મીડિયા ચેનલમાં આપી હતી.

સાઉદી અરેબિયામાં ઈન્ટરનેટ યુઝર્સે ઈન્ટરનેટ ધીમુ પડ્યું હોવાની ફરિયાદ કરી હતી. પરંતુ સરકારે તાત્કાલિક ધોરણે આ વિક્ષેપને સ્વીકાર્યો ન હતો. માઈક્રોસોફ્ટે અહેવાલ આપ્યો હતો કે રાતા સમુદ્રમાં સબમરીન ફાઈબર કપાઈ જતાં પશ્ચિમ એશિયામાં ઈન્ટરનેટ ધીમું પડ્યું છે. આ લાઈનો એવા સમયે કાપવામાં આવી રહી છે જ્યારે યમનના હૂતી બળવાખોરો સતત ઈઝરાયલ પર હુમલો કરી રહ્યા છે.

### અમેરિકાના હવાઈ રાજ્યમાં એક શક્તિશાળી વાવાઝોડાનો સામનો કરવો પડી શકે

### અહેવાલ મુજબ, રાષ્ટ્રીય હવામાન સેવાએ જણાવ્યું હતું કે તોફાન હોનોલુલુથી લગભગ ૧,૨૦૫ માઇલ પૂર્વ-દક્ષિણપૂર્વમાં હતું । તેના પવનો ૧૩૦ માઇલ પ્રતિ કલાકની ઝડપે હતા અને તે ૨૫ માઇલ પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યા હતા

## અમેરિકાના હવાઈ પર 'કીકો' વાવાઝોડાનો ખતરો જે ૧૩૦ કિમીની ઝડપે આવી રહ્યો છે; કટોકટી જાહેર



। વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાના હવાઈ રાજ્યમાં એક શક્તિશાળી વાવાઝોડાનો સામનો કરવો પડી શકે છે. કેટેગરી ૪ વાવાઝોડું 'કીકો' ટાપુઓની નજીક આવવાને કારણે વહીવટીતંત્રે કટોકટી જાહેર કરી છે. અહેવાલ મુજબ, રાષ્ટ્રીય હવામાન સેવાએ જણાવ્યું હતું કે તોફાન હોનોલુલુથી લગભગ ૧,૨૦૫ માઈલ પૂર્વ-દક્ષિણપૂર્વમાં હતું. તેના પવનો ૧૩૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે હતા અને તે ૨૫ માઈલ પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યા હતા.હવામાન વિભાગનો અંદાજ છે કે રવિવાર સુધીમાં વાવાઝોડું બિગ આઈલેન્ડ અને માયુ સુધી પહોંચી શકે છે. સોમવારે મોડી રાત્રે અને અઠવાડિયાના મધ્ય સુધીમાં પૂર્વીય હવાઈયન ટાપુઓ પર તે તેની ટોચ પર પહોંચવાની ધારણા છે.કાર્યકારી ગવર્નર સિલ્વિયા લ્યુકે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે અને રહેવાસીઓ અને પ્રવાસીઓને વારંવાર અપડેટ્સ પર નજર રાખવા અને સત્તાવાર માર્ગદર્શિકાનું પાલન કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે અધિકારીઓ કોઈપણ નુકસાનનો સામનો કરવા, કાટમાળ દૂર કરવા અને માળખાગત સુવિધાઓને સુરક્ષિત કરવા માટે સંસાધનો એકત્રિત કરવા માટે તૈયાર છે.જોકે તોફાન હાલમાં ખૂબ શક્તિશાળી છે, હવાઈની આસપાસ ઠંડા પાણી તેને દરિયાકાંઠે પહોંચતા નબળા પાડી શકે છે. હવામાનશાસ્ત્રીઓની આગાહી છે કે તે બિગ આઈલેન્ડ પર લેન્ડફોલ કરતા પહેલા અને સંભવતઃ ઉષ્ણકટિબંધીય તોફાનમાં ફેરવાતા પહેલા શ્રેણી ૨ અને ૧ માં ફેરવાઈ જશે.હવાઈ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સી (ઈસ્છ) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે જો આ વાવાઝોડું તેની તાકાત જાળવી રાખશે, તો હવાઈ ત્રણ દાયકામાં પહેલીવાર મોટા વાવાઝોડાનો સામનો કરી શકે છે. અગાઉ સપ્ટેમ્બર ૧૯૯૨માં, વાવાઝોડું 'ઈનિકી' એ રાજ્યમાં ઘણી તબાહી મચાવી હતી, જે હવાઈના ઈતિહાસનું સૌથી શક્તિશાળી અને વિનાશક વાવાઝોડું હતું. તે સમયે તેની પવનની ગતિ ૧૪૫ માઈલ પ્રતિ કલાકની હતી. અમેરિકાના હવાઈ રાજ્યમાં એક શક્તિશાળી વાવાઝોડાનો સામનો કરવો પડી શકે છે. કેટેગરી ૪ વાવાઝોડું 'કીકો' ટાપુઓની નજીક આવવાને કારણે વહીવટીતંત્રે કટોકટી જાહેર કરી છે. 'ધ હિલ'ના અહેવાલ મુજબ, રાષ્ટ્રીય હવામાન સેવાએ જણાવ્યું હતું કે તોફાન હોનોલુલુથી લગભગ ૧,૨૦૫ માઈલ પૂર્વ-દક્ષિણપૂર્વમાં હતું. તેના પવનો ૧૩૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે હતા અને તે ૨૫ માઈલ પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યા હતા.

### ઉત્તર-પૂર્વ નાઇજીરીયાના | બોર્નો રાજ્યના ગવર્નર બાબાગાના ઝુલુમે મોડી સાંજે હુમલો કરાયેલા વિસ્તારની મુલાકાત લીધી

## બોકો હરામના આતંકવાદીઓએ ગામમાં ઘૂસીને ૬૦ લોકોની હત્યા કરી



। મૈદુગુરી,તા.૭ ।

બોકો હરામના આતંકવાદીઓએ મોડી રાત્રે ઉત્તર-પૂર્વ નાઈજીરીયાના એક ગામ પર હુમલો કર્યો. આ હુમલામાં ડઝનબંધ લોકો માર્યા ગયા. આ ગામ એવા રહેવાસીઓનું ઘર હતું જેઓ તાજેતરમાં આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓ માટેના બંધ શિબિરમાંથી પાછા ફર્યા હતા. ગામના રહેવાસી મોહમ્મદ બાબાગાનાએ જણાવ્યું હતું કે બામા સ્થાનિક સરકારી વિસ્તારમાં દારુલ જમાલ પર શુક્રવારે મોડી રાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા ૬૦ લોકો માર્યા ગયા હતા.

બોર્નો રાજ્યના ગવર્નર બાબાગાના ઝુલુમે મોડી સાંજે હુમલો કરાયેલા વિસ્તારની મુલાકાત લીધી. ઝુલુમે કહ્યું, ''અમને લોકો પ્રત્યે સહાનુભૂતિ છે અને અમે તેમને ઘરો ન છોડવાની અપીલ કરી છે કારણ કે અમે સુરક્ષા વધારવા અને તેમના માટે ખોરાક અને અન્ય જીવનરક્ષક વસ્તુઓ પૂરી પાડવાની વ્યવસ્થા કરી છે.'' બામાની સ્થાનિક સરકારના અધ્યક્ષ, મોડુ ગુજ્જાએ જણાવ્યું હતું કે એક ડઝનથી વધુ ઘરો બળી ગયા હતા અને ૧૦૦ થી વધુ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી હતી.

આ દરમિયાન, ઈન્સ્ટિટ્યૂટ ફોર સિક્યુરિટી સ્ટડીઝમાં બોકો હરામમાં નિષ્ણાત સંશોધક, તાઈવો અદેબાયોએ દારુલ જમાલના સ્થાનિક રહેવાસીઓ સાથે વાત કરી. તેમણે કહ્યું કે શુક્રવાર રાત્રે થયેલી હત્યાઓ જમા'આતુ અહલીસ સુન્ના લિદ્દા'વાતી વાલ-જીહાદ તરીકે ઓળખાતા બોકો હરામના જૂથ દ્વારા કરવામાં આવી હતી.

નાઈજીરીયાના સ્વદેશી જેહાદી બોકો હરામે ૨૦૦૯ માં પશ્ચિમી શિક્ષણનો વિરોધ કરવા અને ઈસ્લામિક કાયદાના તેના કટ્ટરપંથી સંસ્કરણને લાગુ કરવા માટે શસ્ત્રો ઉપાડ્યા હતા. સંયુક્ત રાષ્ટ્ર અનુસાર, આ સંઘર્ષ નાઈજીરીયાના ઉત્તરીય પડોશીઓ, જેમાં નાઈજરનો સમાવેશ થાય છે, સુધી ફેલાયો છે અને તેના પરિણામે લગભગ ૩૫,૦૦૦ નાગરિકોના મોત થયા છે અને ૨૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

હકીકતમાં, ૨૦૨૧ માં જૂથના લાંબા સમયથી નેતા અબુ બકર શેકાઉના મૃત્યુ પછી બોકો હરામ બે જૂથોમાં વિભાજીત થયો. આમાંથી એક જૂથ ઈસ્લામિક સ્ટેટ જૂથ દ્વારા સમર્થિત છે અને તેને ઈસ્લામિક સ્ટેટ વેસ્ટ આફ્રિકા પ્રાંત અથવા આઈએસડબ્લ્યુએપી તરીકે ઓળખવામાં આવે છે. તે લશ્કરી થાણાઓને નિશાન બનાવવા માટે કુખ્યાત બન્યું છે.

આજનું તાપમાન

સૂર્યોદય - 7:16 સૂર્યાસ્ત - 6:32

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | 38.0 | રાજકોટ | 38.0 |
| ગાંધીનગર | 39.0 | સુરત | 38.0 |
| વડોદરા | 38.0 | નલિયા | 36.0 |

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

LOK PATRIKA
Ahmedabad, Monday
08-09-2025



# બંગાળની ખાડીની સિસ્ટમેનો વળાંક, પાકિસ્તાન જવાને બદલે ગુજરાત આવી, હવે વરસાદ ભુક્કા બોલાવશે!



# શહેર જળબંબાકાર

## સાબરમતી નદીનું જળસ્તર વધતા ધોળકાના ૨૦થી વધુ ગામમાં એલર્ટ

# અમદાવાદમાં સાબરમતીનું રૌદ્ર સ્વરૂપ । રિવરફ્રન્ટ ડૂબ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ તા.૬ ।

ઉત્તર ગુજરાતમાં આવેલા ધરોઈ ડેમમાંથી અંદાજે એક લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જ્યારે અમદાવાદના વાસણા બેરેજના ૨૭ દરવાજા ખોલવામાં આવ્યા છે, ત્યારે સાબરમતી નદીએ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. જેમાં નદીમાં પાણીના સ્તરમાં વધરો થતાં ધોળકા તાલુકાના ગામોને અસર કરી શકે છે. તેવામાં ધોળકાના સરોડા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદી હાલ બે કાંઠે વહી રહી છે, જેના કારણે આસપાસના વિસ્તારોમાં પૂરનું જોખમ વધી વધી શકે છે, ત્યારે નદી કાંઠાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાબરમતી નદીના કિનારે આવેલા ધોળકા તાલુકાના ૨૦થી વધુ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. જ્યારે વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. સરોડા ગામ પાસેથી પસાર થતાં નદીના પુલ પાસે ધોળકા રૂરલ પોલીસે ચેકપોસ્ટ ઊભી કરી છે અને સતત પેટ્રોલિંગ કરી રહી છે. પોલીસ દ્વારા લોકોને પુલ અને નદી કિનારાથી દૂર રહેવા માટે વારંવાર સૂચનાઓ આપવામાં આવી રહી છે.ધોળકા તાલુકાના જે ગામોને સાબરમતી નદીના વધેલા જળસ્તરને કારણે અસર થવાની સંભાવના છે, ત્યારે સરોડા, ચંડીસર, કોદાળીયાપુરા, આંબલીયારા, સાથળ, સહિજ, રામપુર, વૌઠા, અંધારી, વિરપુર, ગીરદ, વિરડી, પીસાવાડા, વટામણ રામપુર, આનંદપુરા, લોલીયા સમાણી ભોળાદ નાની બોરું અને મોટીબોરું સહિતના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.



## અમદાવાદમાં ભારે વરસાદના કારણે વિવિધ વિસ્તારોમાં ૪ મકાનો ધરાશાયી, ૫ ઈજાગ્રસ્ત

સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે, ત્યારે અમદાવાદમાં બે દિવસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી-પાણીના દ્રશ્યો સામે આવ્યા છે. તેવામાં અમદાવાદમાં ભારે વરસાદના કારણે દરિયાપુર, બહેરામપુરા, શાહપુરા સહિતના વિસ્તારોમાં ૪ મકાનો ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ, અમદાવાદમાં ભારે વરસાદી માહોલ છે, ત્યારે આજે (૭ સપ્ટેમ્બર) દરિયાપુર વિસ્તારમાં અલી કુંભારના ડેલામાં મકાન ધરાશાયી થયું હતું. જેમાં ૩ મકાનો ઉપર દીવાલ પડતાં ૫ લોકો દટાયા હોવાનું સામે આવ્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. દુર્ઘટનામાં દટાયેલા લોકોનું રેસ્ક્યુ કરીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, શહેરના અન્ય વિસ્તારોમાં પણ મકાન ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં માંડવીની પોળ, બહેરામપુરામાં ગૌતમ નગર ચાર રસ્તા પાસે અને શાહપુરમાં પણ મકાન ધરાશાયી થયું હતું. અમદાવાદમાં ૬ સપ્ટેમ્બર, શનિવારની સાંજથી ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. મોડી રાતથી એકધારા વરસાદના કારણે સાબરનદી નદી ઉપર સ્થિત વાસણા બેરેજના હેઠવાસમાં ૩૨૪૧૦ ક્યુસેક પાણીનો જથ્થો છોડવામાં આવી રહ્યો છે. હાલ વાસણા બેરેજના કુલ ૨૭ દરવાજા ખોલવામાં આવ્યા છે, જેને લઈને પોલીસે લોકોને સાવધાન રહેવાનું જણાવ્યું છે. નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને પણ ચેતવણી અપાઈ છે.

# અમદાવાદમાં મોડીરાતથી એકધારો વરસાદ : ધરોઈમાંથી પાણી છોડાતા એલર્ટ જાહેર



ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને અમદાવાદમાં ભારે વરસાદ જોવા મળી રહ્યા છે. વરસાદના કારણે રાજ્યના જળાશયોમાં પાણીની આવક વધી છે, અને તેની સીધી અસર નદીઓના જળસ્તર પર જોવા મળી રહી છે.સાબરમતી નદીની ઉપરવાસમાં આવેલા ધરોઈ ડેમ અને સંત સરોવરમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે અમદાવાદના વાસણા બેરેજમાં પાણીની આવક વધી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વાસણા બેરેજના કુલ ૨૭ દરવાજા ખોલવામાં આવ્યા છે જેથી પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે.ધરોઈ ડેમ અને સંત સરોવર માંથી પાણી છોડવાના કારણે સાબરમતી નદીના જળસ્તરમાં વધારો થવાની સંભાવના છે. આજે સવારે ૬:૩૦ કલાકે ધરોઈ ડેમમાંથી ૯૪,૪૩૨ ક્યુસેક અને સંત સરોવર માંથી ૬૮,૫૮૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ પાણી વાસણા બેરેજ સુધી પહોંચતા ધરોઈ ડેમના પાણીને ૧૧ થી ૧૨ કલાક અને સંત સરોવરના પાણીને ૧ કલાક જેટલો સમય લાગી શકે છે.હાલમાં વાસણા બેરેજમાંથી ૩૨,૪૧૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પાણીની વધતી આવકને ધ્યાનમાં રાખીને, અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લાના સાબરમતી નદી કિનારાના ગામોને ખાસ સાવધ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સ્થાનિક તંત્રએ નદી કિનારે રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા માટે પણ જાણ કરી છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય સંબંધિત સરકારી વિભાગો પણ આ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે. નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ નદી કિનારે જવાનું ટાળે અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે. વરસાદી મોસમમાં સલામતીનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. અમદાવાદ જિલ્લામાં ગઈકાલે રાતથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે બાવળા શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું છે. 'શહેરમાં પાણી કે પાણીમાં શહેર?' એવી સ્થિતિનું નિર્માણ થયું છે, જ્યાં રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા છે અને જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.શહેરમાં પડેલા ધોધમાર વરસાદથી પક્ષીભુવન, પારસમણી, પારસમણી સોસાયટીથી એસ.એમ. પટેલ રોડ, ગર્લ્સ સ્કૂલ રોડ, આસોપાલવ, બદ્રીનાથ, ભરવાડ વાસ, સંત આશ્રમ, જાપલી ખાંડ, બાવળા ગેટ, આનંદ બાગ, ધોળકા રોડ સ્વામિનારાયણ મંદિરથી રઘુવીર સોસાયટી સુધી, રત્નદીપ સોસાયટી, સ્વાગત રેસીડેન્સી, બળિયાદેવ અને અનુસૂચિત વિસ્તાર સહિત અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya